**સુવિચાર**

માણસ સ્વાભિમાન, આત્મસન્માન અને અહંકાર વચ્ચેનો ભેદ સમજી શકે તો માણસ મોહનમાંથી મહાત્મા બની શકે.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૦૮/૨૦૨૩, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ

**શિવ ફરસાણ**
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૭૯ શ્રાવણ સુદ-૧ વર્ષ : ૧૫ અંક : ૨૦૮

## અમરેલી જિલ્લાનાં શિવાલયોમાં વ્હેલી સવારથી ભકતોની ભીડ જામશે

# હર હર મહાદેવ : પવિત્ર શ્રાવણ માસને લઈને શિવભકતો ઉત્સાહિત

**સુપ્રસિધ્ધ નાગનાથ, કામનાથ, જીવન મુકતેશ્વર, ભીમનાથ, ભીડભંજન સહિતનાં શિવાલયોમાં વિવિધ શણગાર થશે**

**ભગવાન ભોળાનાથને પ્રસન્ન કરવા માટે શ્રેષ્ઠ મહિનો એટલે પવિત્ર શ્રાવણ માસ**

**શિવભકતો દ્વારા બિલ્વીપત્ર, જળાભિષેક, દૂધાભિષેક દ્વારા શિવની કૃપા મેળવવાની વિધિ કરાશે**

**સાવરકુંડલા, રાજુલા, ધારી, બગસરા, વડિયા, કુંકાવાવ, બાબરા, લીલીયા, લાઠી, દામનગર સહિતનાં શહેરમાં પણ જબરો ઉત્સાહ**



અમરેલી, તા. ૧૬
અમરેલી જિલ્લામાં આવતીકાલ ગુરૂવારથી શરૂ થઈ રહેલ પવિત્ર શ્રાવણ માસને લઈને શિવભકતોમાં આસ્થાના ઘોડાપુર શરૂ થયા છે. ભગવાન ભોળાનાથની કૃપા મેળવવા માટે પવિત્ર શ્રાવણ માસનું અનેરૂ મહત્વ ધાર્મિક ગ્રંથોમાં દર્શાવાયું છે.

અમરેલીનાં નાગનાથ, કામનાથ, જીવન મુકતેશ્વર, ભીડભંજન, સુખનાથ, ભીમનાથ સહિતનાં શિવાલયોમાં વ્હેલી સવારથી જ શિવભકતોની ભીડ જામશે. ભોળાનાથને બિલ્વી પત્ર, દૂધાભિષેક, જલાભિષેક ધ્વારા રીઝવવામાં આવશે. વ્હેલી સવારની આરતીમાં પણ ભારે ભીડ ઉમટશે.

પવિત્ર શ્રાવણ માસમાં શિવભકતો ઉપવાસ, દાન, દક્ષિણા વિગેરે ધાર્મિક કાર્યો ધ્વારા શિવકૃપા મેળવવાનો પ્રયાસ કરશે. પવિત્ર શ્રાવણ માસનાં દરેક સોમવારે પણ શિવાલયોમાં અવનવા દર્શન કરાવાશે તેમજ શ્રાવણ માસમાં રક્ષાબંધન, શીતળા સાતમ, જન્માષ્ટમી જેવા પવિત્ર તહેવારોનો પણ ઉમેરો થશે. સમગ્ર મહિનો શિવમય બની જશે. અમરેલી ઉપરાંત સાવરકુંડલા, રાજુલા, જાફરાબાદ, ખાંભા, ચલાલા, ધારી, બગસરા, કુંકાવાવ, વડિયા, બાબરા, લાઠી, લીલીયા, દામનગર સહિતનાં શહેરો અને ગ્રામ્ય વિસ્તારોનાં શિવાલયોમાં પણ શિવભકતોની ભીડ ઉમટશે.

**બાબરા**

બાબરામાં આજે ગુરૂવારથી થતાં પવિત્ર શ્રાવણ માસ દરમિયાન શહેર અને તાલુકામાં આવેલ વિવિધ પૌરાણિક શિવાલયોમાં વ્હેલી સવારથી ભાવિકોની ભીડ જામશે અને ઓમ નમઃ શિવાય અને હરહર મહાદેવથી શિવ મંદિરો ગુંજી ઉઠશે. બિલ્વપત્ર, દૂધ અને જળ સહિતનાં

**અનુસંધાન પાના ૬ ઉપર**

## બન્ને બાળકો જીગરજાન મિત્રો હોય તળાવમાં સાથે ન્હાવા ગયેલ

# અરેરાટી : જાફરાબાદનાં મોટા માણસા ગામનાં તળાવમાં ન્હાવા પડેલ બે બાળકોનાં ડૂબી જવાથી મોત થયા

**નાના એવા ગામમાં બનેલ ઘટનાથી શોકનો માહોલ છવાયો**



ઉના, તા. ૧૬
જાફરાબાદમાંથી એક કરૂણ ઘટના સામે આવી હતી. તળાવમાં ન્હાવા પડેલા બે બાળકોનાં ડૂબી જવાથી મૃત્યુ થયા હતા. જેને લઈ સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. ઘટનાને પગલે સ્થાનિક લોકોએ તળાવમાં તરી રહેતા મૃતદેહોને બહાર કાઢયા હતા. આ ઘટનાની જાણ લોકોએ સરપંચ તેમજ સ્થાનિક પોલીસને કરતા પોલીસની ટીમ તાત્કાલિક તળાવ ખાતે દોડી આવી હતી અને બંને બાળકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે નજીકની સરકારી હોસ્પિટલ મોકલી આપ્યા હતા. બાળકોના મૃત્યુથી પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો. આ મામલે પોલીસે અકસ્માત મોત અંગેનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ

**અનુસંધાન પાના ૬ ઉપર**

## અમરેલી જિલ્લામાં રાનીપશુઓની માઠી દશા બેઠી

# જાફરાબાદ રેન્જનાં નાગેશ્રી વિસ્તારમાંથી કોહવાઈ ગયેલી હાલતમાં દીપડાનાં બચ્ચાનો મૃતદેહ મળી આવ્યો

**પ્રાથમિક તપાસમાં બીમારીનાં લીધે મોત થયાનું અનુમાન**

અમરેલી, તા. ૧૬
શેત્રુંજી ડિવિઝન નીચેના જાફરાબાદ રેન્જનાં નાગેશ્રી વિસ્તારમાંથી ત્રણથી ચાર માસનાં દીપડાનાં બચ્ચાનો કોહવાઈ ગયેલી

**અનુસંધાન પાના ૬ ઉપર**


## દુઃખદ અવસાન/બેસણું

અમારા માલવીયા પરિવારના
શ્રી ત્રિવેણીબેન પોપટભાઈ માલવીયા
તા. ૧૬-૦૮-૨૦૨૩, બુધવાર, અધિક શ્રાવણ વદ,
અમાસનાં રોજ વૈકુંઠવાસી થયેલ છે.
સદ્‌ગતના સ્મરણાર્થે બેસણું...

:: સદ્‌ગતનું બેસણું ::
તા. ૧૭-૦૮-૨૦૨૩, ગુરૂવાર નીજ શ્રાવણ સુદ એકમનાં રોજ તેમના નિવાસસ્થાને રાખેલ છે.
સ્થળ : ''મારૂતિ વિલા'', ખોડલધામ સોસાયટી, લીલીયા રોડ, અમરેલી.
લી.


સ્વ. ત્રિવેણીબેન પોપટભાઈ માલવીયા
સ્વ.તા. ૧૬-૦૮-૨૦૨૩, બુધવાર.
અધિક શ્રાવણ વદ, અમાસ.

પોપટભાઈ મોહનભાઈ માલવીયા (મો.નં. ૯૪૨૭૫ ૫૫૨૦૪)
નિલેષભાઈ પોપટભાઈ માલવીયા (મો.નં.૯૦૧૬૪ ૬૯૭૫૯)
દેવેન્દ્રભાઈ પોપટભાઈ માલવીયા (મો.નં. ૯૪૨૭૭ ૪૪૫૦૬)

Krishna DINING HALL

**ક્રિષ્ના ડાઈનીંગ હોલ**
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨



ઓડિયો હાઉસ (હિંગુ બ્રધર્સ) 'પારેખ ચેમ્બર', ડો. જીવરાજ મહેતા ચોક, મો. ૯૦૩૩૩૦૫૨૬૩/૯૫૩૭૯૭૯૧૦૧

# અમરેલીનાં વિદ્યાસભા કેમ્પસમાં શ્રીમતિ એસ.એચ. ગજેરા બાલવાટીકાનું લોકાર્પણ









ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા બાલમંદિર તથા પ્રાથમિક શાળ ાનાં બાળકો માટે અભ્યાસ સાથે રમત–ગમત અને મનોરંજન મળી રહે તેવા શુભ આશયથી ૧૫ મી ઓગસ્ટનાં શુભદિને શ્રીમતિ એસ.એચ. ગજેરા બાલવાટીકાનું મહાનુભાવોનાં વરદ્હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગુજકોમાસોલનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણી, સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, ઉપપ્રમુખ નાગજીભાઈ સોજીત્રા, ચતુરભાઈ ખૂંટ, વસંતભાઈ મોવલીયા, દિનેશભાઈ ભુવા, જીતુભાઈ સોમૈયા, જીતુભાઈ ડેર, મનુભાઈ સાવલીયા, ગોવિંદભાઈ ગોંડલીયા, ડાયાભાઈ ગજેરા, ખોડાભાઈ સાવલીયા, રમેશભાઈ કાથરોટીયા, લાયન્સ અને રોટરી કલબનાં પ્રમુખો, ડાયરેકટર વસંતભાઈ પેથાણી વગેરે ઉપસ્થિત રહી આ બાલવાટીકા બાળકો માટે રમવા ખુલ્લી મુકવામાં આવેલ હતી. વિદ્યાસભા વિદ્યાર્થીઓ હર હંમેશ માટે કઈ ને કઈ નવું શિક્ષણનાં વિકાસ માટે કરી રહ્યું છે. આજરોજ નાના ભુલકાઓને શિક્ષણ સાથે રમતા–રમતા અનેક પ્રકારની પ્રવૃતિઓ કરતા શિક્ષણ પ્રત્યે રૂચિ કેળ વાય તે માટે હિંચકાઓ, લસરપટ્ટીઓ, બતક, હાથીઓ વગેરે પ્રકારનાં રમકડાંઓ અને અનેક પ્રકારનાં મનોરંજનનાં સાધનો સાથે બાળકો ગમ્મત સાથે જ્ઞાન મેળવે અને શાળા પ્રત્યે લાગણી ઉભી થાય અને શાળાએ શિક્ષણ માટે આવવામાં ઉત્સાહિત રહે તેવા હેતુથી પ્રમુખ દ્વારા આ બાલવાટીકાનું લોકાર્પણ કરતાં અમરેલીનાં બાળકો માટેનું આ વિશેષ સોપાન આપતા હર્ષની લાગણી અનુભવે છે. આ બાલવાટીકાથી વાલીઓ અને બાળકોમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું છે. વિદ્યાસભા દ્વારા બાળકો માટે બાલવાટીકાનાં લોકાર્પણથી વાલીઓએ પણ શાળા પરિવાર તથા પ્રમુખને આભારની લાગણી સાથે આનંદ વ્યકત કર્યો હતો.

## નારદ

## આપણા ૠષિઓ...



સંપાદક : જર્નાદનભાઈ જે. જોશીપુરા



સૌજન્ય : હીમાબેન યાજ્ઞીક

મુનિઓના વસવાટને કારણે સુંદર, શાંત અને પવિત્રાથી સભર વનપ્રદેશના એ આશ્રમમાં કોઈ મુનિ તેઓની પત્ની અને બાળકો સાથે વસતા હતા અને યોગાભ્યાસ સાથે ધર્મકાર્યમાં સમય વ્યતીત કરતા હતા.

એક અનાથ, અસહાય, વ્યથિત, દુઃખથી દબાયેલી, કુશકાય સ્ત્રી કેડમાં બાળક ઉંચકીને ત્યાં આવી. ચાલીચાલીને થાકથી પીડાતી તે સ્ત્રીને ૠષિએ તેના નામઠામ પૂછયાં ત્યારે સ્ત્રી એટલું જ બોલી શકી : ''હું વખાની મારી આવી છું. નામઠામ પૂછી મને વધુ દુઃખી ન કરશો.''

મુનિ સમજી ગયા અને તેમ ાતા–પુત્રને આશ્રમમાં રહેવાની સગવડ કરી આપી. ટીખળી સ્વભાવનો, નિર્દોષ આનંદમાં મસ્ત રહેતો બાળ સૌના લાડપાન પામવા લાગ્યો. વિદ્યાવ્યાસંગી મુનિએ અન્ય બાળકો સાથે આ બાળકને પણ વિદ્યાભ્યાસ કરાવવો શરૂ કર્યો. બાળ કનું નામ તેના સ્વભાવને અનુરૂપ જ રાખ્યું : 'નારદ'. 'નાર' એટલે મુદ્ઘ – આનંદ અને 'દ' એટલે દેનાર – સૌને આનંદ આપનારો આ બાળક 'નારદ' નામથી ઓળખાવા લાગ્યો. અને એ બાળ સત્સંગમાંના શબ્દોને મોતીની જેમ ઝીલતો અને હંસોની જેમ ચારો ચરતો, સાંભળેલા જ્ઞાન વિશે એકાંતમાં ચિંતન–મનન કરતો. ૠષિએ બાળકને એક તંબૂર ભેટ આપ્યો અને ધીરેધીરે નારદ તંબૂર ધીરેધીરે નારદ તંબૂરવાદમાં પ્રવીણ થતો ગયો. આખો દિવસ તે ભજનોની ઝૂક બોલાવતો અને આશ્રમનું વાતાવરણ ભક્તિસંગીતથી છવાઈ જતું.

શાંતિ, સંતોષ અને હર્ષ પામેલી અને બ્રાહ્મણોની સેવિકા બનેલી આ શુદ્ર દાસીમાતા આશ્રમના બધા કામો કરતી રહેતી. એક દિવસ ગાય દોહતી હતી ત્યાં તેને કાળો નાગ ડસ્યો. માતા મૃત્યુ પામી, નારદ નમાયો થયો. ખુબ દુઃખી થઈ ગયો. તરત જ તેને પોતાની ભક્તિનો માર્ગ મોકળો થતો દેખાયો.

હવે તેને અહીં ચેન પડતુ ન હતું. તેથી એક વહેલી સવારે આશ્રમ છોડી ઉતર દિશામાં હિમાલય તરફ તેણે વાટ પકડી. દુરદુર નદીકિનારે ઉભેલા પીપળ ાના ઝાડ નીચે બેસી પ્રભુના ધ્યાનમાં સમાધિષ્ઠ થઈ ગયો. જાગ્યો ત્યારે જાણે બધું જ ભૂલાઈ ગયું હતુ. બચ્યો હતો. કેવળ આનંદ. કોઈએ જાણે તેના કાનમાં કહયું : ''તંબૂર સાથે તું પ્રભુભજન કર અને સૌને ભક્તિપ્રવાહ તરફ વાળવા પ્રયત્ન કર.'' અને નારદે જીવનભર એ જ કાર્ય કર્યુ. નારદ આનંદસ્વરૂપ છે, તેથી તો એ નરવિશેષ છે.

અન્ય કથાનક મુજબ આ દુઃખી બાળ આશ્રમમાંથી હિમાલય તરફ ચાલ્યો અને થાકીને ગંગાતટે વિશ્રામ કરતો હતો ત્યાં તેને અદ્ભૂત તેજોમય દિવ્ય દર્શન થયા. આકાશવાણી થઈ : ''તારું આ શરીર છૂટી જશે પછી તું બ્રહ્માના માનસપુત્ર તરીકે જન્મ લઈશ.'' આગળ જતા તેઓ 'દેવર્ષિ નારદ' તરીકે ઓળ ખાયા. બ્રહ્માજીએ તેમને 'મહતી' નામની વીણા આપી. જે દેવર્ષિ ભગવાન વિષ્ણુનું મૂર્તિમાન મન છે એવા નારદજીને નમસ્કાર.

'છાંદોગ્ય ઉપનિષદ'ના સાતમાં અધ્યાયમાં એક ઉલ્લેખ છે. એક વાર નારદજી ભગવાન સનત્કુમારની પાસે જઈ ઉપદેશની માંગણી કરે છે.

ભગવાન સનત્કુમાર તેમને પોતે જે કાંઈ જાણતા હોય તે કહી બતાવવા કહયું. ત્યારે નારદે પોતે જે જે વિદ્યા જાણતા હતા તેઓ પરિચય આપતા કહયું : ''પ્રભુ ! હું 'ૠગ્વેદ', 'યજુર્વેદ', 'સામવેદ', 'અથર્વવેદ' જાણું છું. ઈતિહાસ, પુરાણ, વ્યાકરણ, શ્રાદ્ધનું શાસ્ત્ર, ગણિત, નિધિશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, વ્યુત્પત્તિશાસ્ત્ર, વૈદકવિદ્યા, ભૂતતંત્ર, ધનુર્વેદ, જયોતિષ, સર્પવિદ્યા, નૃત્યવિદ્યા, દેવવિદ્યા, ગંધર્વવિદ્યા ને મનુષ્યવિદ્યા – એ બધી વિદ્યા પણ હું જાણું છું. પરંતુ તે તો બધી મંત્રવિદ્યા જ છે, તે તો બધુ અક્ષરજ્ઞાન થયું, પણ મને હજી આત્માનું જ્ઞાન નથી થયું. મેં સાંભળ્યું છે કે આત્માને જાણનારના જ શોક ને મોહ દૂર થાય છે. હે પ્રભુ ! તમે મારો શોક દૂર કરો''.

(ક્રમશઃ)

## ધારી પત્રકાર સંઘના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી

ધારી, તા. ૧૬

ધારી પત્રકાર સંઘની એક મિટિંગનું આયોજન કરવામાં આવેલ.ગત વર્ષ દરમિયાન પ્રમુખ તરીકે જયુભાઈ જેઠવા સર્વાનુમતે ચુંટાયા હતા. ત્યારબાદ આવનારા એક વરસ સુધીની સમયમર્યાદા માટે નવા પ્રમુખ નિમવા માટેની આ મિટિંગમાં તમામ પત્રકારો હાજર રહેલા હતા. મિટીંગના અંતે સર્વ પત્રકાર મિત્રોએ જાગૃત યુવા પત્રકાર હનીફ નાડની પસંદગી કરેલ હતી. ત્યારબાદ ઉપપ્રમુખ તરીકે નીલેશભાઈ મહેતા, મહામંત્રી તરીકે પ્રતાપભાઈ વાળા, મંત્રી તરીકે સંજયભાઈ વાળા, ખચાનચી તરીકે ઉદયભાઈ ચોલેરા, વહીવટી કામગીરી માટે નીજારભાઈ ચાવડાની વરણી કરવામાં આવેલ. ધારી શહેરમાં પત્રકારત્વ તરીકેની સેવાઓ આપનાર સ્વ.હસમુખભાઈ દવે અને મર્હુમ હબીબભાઈ ચાવડાની યાદગાર સ્વરૂપે ધારી પત્રકાર સંઘ સંચાલિત એમ્બ્યુલન્સ વસાવવામાં આવશે અને ધારીની જનતાને એકદમ વ્યાજબી ભાડા સાથે પત્રકાર સંઘ મદદરૂપ બનશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.

### અમરેલી જિલ્લાના દરિયાકાંઠે કાર્યરત

# APM ટર્મિનલ્સ પિપાવાવ VLGC કામગીરી શરૂ કરીને LPG ની આયાત માટે વ્યૂહાત્મક પ્રવેશદ્વાર બન્યું

### પોર્ટ પર સૌ પ્રથમ વેરી લાર્જ ગેસ કેરિયર APM એમટી જેગ વિરાટ લાંગ્યું




પિપાવાવ, તા. ૧૬

પિપાવાવ એપીએમ ટર્મિનલ્સ પિપાવાવ (GPPL–ગુજરાત પિપાવાવ પોર્ટ) પર આ મહિનાના પ્રારંભમાં એમટી જેગ વિરાટ પ્રથમ વાર લાંગર્યું હતું. આ સાથે પોર્ટે વેરી લાર્જ ગેસ કેરિયર (VLGC) કામગીરી શરૂ કરીને મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યુ છે. ગ્રેટ ઈસ્ટર્ન શિપિંગ કંપનીની માલિકીનું એમટી જેગ વિરાટ VLGC જહાજ છે, જે ૨૩ મીટર લંબાઈ, ૩૭ મીટર બીમ, ૮.૨ મીટર એરાઈવલ ડ્રાફટ અને ૪૭,૨૬૦ મેટ્રિક ટન ડિસ્પ્લેસમેન્ટ ધરાવે છે.

VLGC જહાજ એમટી જેગ વિરાટે રૂવૈસાસ, ADNOC રિફાઈનરી જેટ્ટીથી કાર્ગો લોડ કર્યો હતો અને પોર્ટ પિપાવાવ ખાતે ૨૧,૯૦૭ મેટ્રિક ટન પાર્સલ ડિસ્ચાર્જ કર્યુ હતું. આ માલ ત્રણ જાહેર એકમો–ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડને સપ્લાય કરવા માટે હતો. ભારતમાં અગાઉ એલપીજીની આયાત માટે મિડીયમ ગેસ કેરિયર શિપ્સનો ઉપયોગ થતો હતો પણ હવે વેરી લાર્જ ગેસ કેરિયર (VLGC) જહાજોનો ઉપયોગ થાય છે ત્યારે એપીએમ ટર્મિનિલ્સ પિપાવાવ ખાતે VLGC હેન્ડલિંગ ક્ષમતા ખૂબ મહત્વની બની જાય છે, જેમાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs)તેમની એલપીજી આયાત કાર્યક્ષમ અને સલામત રીતે કરી શકે છે.

જહાજ લાંગરવા પ્રસંગે એપીએમ ટર્મનિલ્સ પિપાવાવના એમડી ગિરિશ અગરવાલે જણાવ્યું હતું કે, એપીએમ ટર્મિનલ્સ પિપાવાવ પોર્ટ ખાતે પ્રથમ VLGC જહાજને આવકારતા અમે ગર્વ અનુભવીએ છીએ. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાને કારણે ઘરગથ્થુ ઈંધણ તરીકે એલપીજીનો ઉપયોગ વધી રહ્યો હોવાથી એલપીજીની માંગ વધી રહી છે. આ પગલું અમારા માનવંતા ગ્રાહકોને વિકક્ષાનું માળખું અ સેવાઓ પૂરી પાડવાની અમારી અમારી અતૂટ પ્રતિબધ્ધતા વ્યકત કરે છે. VLGC લાંગરી શકે તેવી સુવિધા શરૂ થવાથી અમને કદનાં લાભ મેળવવા માટે મોટી પાર્સલ સાઈઝ સાથેનાં મોટાં જહાજો લાવવામાં મદદરૂપ સાબિત થશે. આ ઉપરાંત, અમારાં DFC પાલન કરતાં એલપીજી રેક પર્યાવરણ માટે સાનુકુળ ટ્રેન કનેક્ટિવિટી દ્વારા દેશનાં અંતરિયાળ વિસ્તારોમાં એલપીજી કાર્ગોનાં વિતરણમાં મદદ કરે છે. ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસમાં અમારાં વર્તમાન રોકાણ દ્વારા ભારતનાં ઊર્જા ક્ષેત્રની વૃધ્ધિમાં પ્રદાન કરવા અમે આતુર છીએ.

VLGC અગાઉ માર્ચ ૨૦૨૩માં ડેડિકેટેડ VLGC કોમ્પ્લાયન્ટ એલપીજી બર્થ વિક્સાવવાની, ૨૦૨૫ સુધીમાં તૈયાર કરવાની અને ટર્મિનલ પાર્ટનર એઈજીસ વોપાક ટર્મિનલ લિમિટેડ સાથે મળીને એલપીજી ટર્મિનલ ક્ષમતાનાં વિસ્તરણની જાહેરાત કરી ચૂકી છે. વિસ્તૃત ટર્મિનલ ક્ષમતા ૩.૨૦ મિલિયન મેટ્રિક ટન સુધીનું વહન કરવા સજ્જ છે, જેને કારણે એલપીજી આયાત હેન્ડલ કરવાની એપીએમ ટર્મિનલ્સ પિપાવાવની ક્ષમતાઓ વધુ મજબૂત થશે.

### પુરૂષોત્તમ માસનાં છેલ્લા દિવસે

## મોટી કુંકાવાવ ખાતે ગોપીઓ દ્વારા પુરૂષોત્તમ ભગવાનનું વિસર્જન



વડિયા, તા. ૧૬

સમગ્ર વિશ્વમાં પુરૂષોત્તમ માસની ઉજવણી કરવામાં આવી રહી હોય ત્યારે વડિયા તાલુકાનાં મોટી કુંકાવાવ ખાતે નિલકંઠ મહાદેવનાં મંદિર દેવળ ખાતે આવેલું અતિ પૌરાણિક મહાદેવનાં મંદિર ખાતે ગોપીઓ દ્વારા ગોરમા બનાવી આખો પુરૂષોત્તમ માસમાં પૂજન અર્ચન કરીને અધિક શ્રાવણ માસની ઉજવણી કરવામાં આવી રહી હતી. ત્યારબાદ આજે પુરૂષોત્તમ માસની પૂણાહૂતિ પ્રસંગે ગોપીઓ દ્વારા નિલકંઠ મહાદેવ મંદિર દેવળ ખાતેથી સોનલ ડેમમાં પધરાવી પુરૂષોત્તમ માસની પૂર્ણાહૂતિ કરી હતી. મોટી સંખ્યામાં ગોપીઓ દ્વારા ભગવાન પુરૂષોત્તમ પગપાળા યાત્રા કરી પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

# અમરેલી : અમર ડેરી ખાતે ૭૭માં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી






અમરેલી જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લી. અમર ડેરી ખાતે ઈફકો/એન.સી.યુ.આઈ.નાં ચેરમેન દિલીપભાઈ સંઘાણીનાં વરદ્હસ્તે ધ્વજવંદન કરેલ હતું. આ પ્રસંગે દિલીપભાઈ સંઘાણી અને અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલીયાએ આઝાદીનાં લડવૈયા તેમજ શહીદ વીર જવાનોને યાદ કરી આઝાદી માટે આપેલ બલિદાનો, સ્મરણો યાદ કરેલ હતા. અને દેશનાં યશસ્વી માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં સહકારથી સમૃદ્ધીનાં સપનાને સાકાર કરવાનું આહવાન કરેલ હતું. આ પ્રસંગે અમર ડેરીનાં વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણી, અમર ડેરીનાં ડીરેકટરો, જિલ્લા ખરી વેંચાણ સંઘનાં પ્રમુખ જયંતીભાઈ પાનસુરીયા, એમ.ડી. ડો. આર.એસ. પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય શંભુભાઈ મહીડા, તાલુકા પંચાયત સદસ્ય ધીરૂભાઈ વાળા, આગેવાનો અને સં નાં જનરલ મેનેજર અને સ્ટાફ પરિવાર હાજર રહ્યો હતો. તેમ અમર ડેરીની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે.

# સા.કુંડલાનાં એસ.એમ.જી.કે. શૈક્ષણિક સંકુલમાં સ્વાતંત્ર્યપર્વની ઉજવણી






સાવરકુંડલા શહેર તાલુકાની જનતા માટે આશીર્વાદ રૂપ ગણાતા એસ.એમ.જી.કે. શૈક્ષણિક સંકુલ ખાતે ૭૭ માં સ્વાતંત્ર્યપર્વની ભાવભેર ઉજવણી કરવામાં આવી. દેશનાં સિમાડાની રક્ષા કરતાં જવાન બિસ્મિલ્લાહ ખાનનાં વરદ્‌હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. પ્રાયમરી સ્કૂલથી લઈને કોલેજ સુધીનું શૈક્ષણિક સંકુલ એકમાત્ર સાવરકુંડલામાં એસ.એમ.જી.કે સંકુલ હોય ને કોમી એકતા અને ભાઈચારાની ભાવના થકી સમગ્ર ગુજરાત રાજયમાં હિન્દુ– મુસ્લિમ સમાજમાં અદકેરું સ્થાન ધરાવતા સંત શિરોમણી, આદરણીય અલ્હાઝ સરકાર સૈયદ દાદાબાપુ કાદરીની દુઆને માર્ગદર્શન તળે ચાલતા સંકુલ ખાતે આર્મીનાં હવાલદાર રેંકનાં પુના ખાતે સર્વિસ કરતાં બિસ્મિલ્લાહ ખાનનાં હસ્તે ધ્વજવંદન રાખવામાં આવ્યું હતું ને વિશેષમાં દેશનાં સીમાડાઓ સુરક્ષિત રાખતા વીર સૈનિકો હનીફ શેખ(બી.એસ.એફ), જગદીશ સરવૈયા(તિબેટ બોર્ડર જવાન), ઈમરાન જાદવ(કોબ્રા કમાન્ડો) અને નિકુંજભાઈ(સી.આર.પી.એફ) જેવા જવાનો દ્વારા શૈક્ષણિક સંકુલ ખાતે રાષ્ટ્ર ધ્વજને સલામી આપવામાં આવી હતી. આ સ્વાતંત્ર્યપર્વ પ્રસંગે જુમ્મા મસ્જિદનાં પેશ ઈમામ હાફિઝ સાદિક સાહેબે દેશવાસીઓની છાતી ગર્વથી ગજગજ ફૂલે તેવી દેશભકિત અને વીર શહીદો સાથે મુસ્લિમોનાં આઝાદ ભારતમાં યોગદાન અંગે વિસ્તૃત વાત કરી હતી. જયારે આ ૭૭માં સ્વાતંત્ર્યપર્વનાં પ્રસંગે ઈરફાનભાઈ, પ્રોફેસર વરુ, પર્યાવરણવિદ્‌ મંગળુભાઈ ખુમાણ, રાજુભાઈ શીંગાળા, શોળી સમાજનાં પ્રમુખ બટુકભાઈ ઉનાવા, મેહુલ વ્યાસ, સિપાહી જમાતનાં પ્રમુખ હાજી દિલાભાઈ ભટ્ટી, ઈકબાલભાઈ, દિલીપભાઈ જીરૂકા, દેવચંદભાઈ કપોપરા, કરશનભાઈ ડોબરીયા, અજીતભાઈ જોખીયા, ઈદ્રીસ જાદવ, તાજુદિન કુરેશી, ટકાભાઈ ચૌહાણ, સાથે શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલા મુસ્તાકભાઈ જાદવ, ગુલઝારભાઈ રાઠોડ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શબ્બીરભાઈ શેખે કર્યું હતું.

### એસપીની સુચનાથી પેરોલ ફર્લો સ્કવોર્ડની કામગીરી

## રાજકોટ ખાતે ગુન્હો કરી નાસતા–ફરતા આરોપીની મીની કસ્બા પાસેથી અટકાયત

### વધુ તપાસ અર્થે રાજકોટ પોલીસે કામગીરી શરૂ કરી

અમરેલી, તા. ૧૬

અમરેલીના મીની કસ્બાવાડ, શેરી નં. ૨ માં રહેતા આરોપી મુસ્તુફા શાહબુદીનભાઈ ઉર્ફે ચકુભાઈ કુરેશીને રીક્ષા સાથે સીટી બસ ભટકાવવા બાબતે બોલાચાલી થતાં આરોપીએ એક વ્યકિતને માર–મારી જ્ઞાતી પ્રત્યે હડધૂત કરતા આ બનાવ અંગે રાજકોટ શહેર તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુન્હો રજી. થયેલ હોય પરંતુ આ કામે મજકુર આરોપી આજદિન સુધી પકડવાનો બાકી હતો.



અમરેલીના પોલીસ અધિક્ષક ધ્વારા રાજયમાં ગુન્હાના કામે નાસતા ફરતા આરોપી તથા ફરાર કેદીઓ પકડી પાડવા તથા અસરકારક કામગીરી કરવા જરૂરી સુચના આપેલ હોય. જેથી પેરોલ ફર્લો સ્ક્વોર્ડ અમરેલીની ટીમને મળેલ ચોકકસ બાતમી ધ્વારા રાજકોટ શહેર તાલુકા પોલીસ સ્ટેશનનાં કામે નાસતા ફરતા આરોપી મુસ્તુફા શાહબુદીનભાઈ ઉર્ફે ચકુભાઈ કુરેશીને અમરેલી મીનીકસ્બા પાસેથી ચોક્કસ બાતમી આધારે હસ્તગત કરી આગળની ઘટતી કાર્યવાહી કરવા રાજકોટ શહેર તાલુકા પોલીસ સ્ટેશન સોંપવા અમરેલી સીટી પો.સ્ટે. સોંપી આપેલ હતો.

### જિલ્લામાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ

## રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ ભરતભાઇ વાળાનું સન્માન



અમરેલી, તા. ૧૬

રાજુલા પોલીસ સ્ટેશન ખાતે એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા ભરતભાઈ મુહાભાઈ વાળા દ્વારા ટાઉન બીટ ઈન્ચાર્જ તરીકેની કામગીરી દરમ્યાન તેઓએ સુંદર કામગીરી કરવામા આવી હતી.

રાજુલા પોલીસ સ્ટેશનમાં મોબાઈલ ચોરીના અનડીટેકટ ગુનાનો ભેદ ઉકેલી ચોરીમાં ગયેલ મોબાઈલ તથા અન્ય ચોરીના ૧૨ મોબાઈલ મળી કુલ રૂા.૧,૨૬,૯૯૦ ના મુદ્દામાલ સાથે અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ જિલ્લાના કુલ–૫ ગુન્હાઓ ડીટેકટ કરી આરોપીને ગણતરીની કલાકોમાં ઝડપી પાડી તમામ મુદ્દામાલ રીકવર કરી શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવેલ હતી. ત્યારે જાફરાબાદ મુકામે જીલ્લા કક્ષાનો ૭૭માં સ્વાતંત્ર્ય દિવસ પર્વની નિમિતે સરાહનીય કામગીરી કરનાર કર્મચારીઓનો સન્માનિત કાર્યક્રમ યોજાયો હતો. ત્યારે જીલ્લામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર પોલીસ અધિકારી / કર્મચારીઓનું જીલ્લા કલેકટર અજય દહિયા તથા અમરેલી જીલ્લા પોલીસવડા હિમકરસિંહના વરદહસ્તે બી.એમ. વાળ ાને પ્રમાણપત્ર આપી અભિનંદન આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત બી.એમ. વાળાને સરાહનીય કામગીરી કરવા બદલ ૮ વખત અધિકારીઓ દ્વારા પ્રમાણપત્ર આપી સન્માન કરવામા આવ્યું હતું. ત્યાર બાદ તેઓની જીલ્લામા પ્રસશનીય કામગીરી કરવા બદલ જીલ્લા કલેકટર તેમજ જીલ્લા પોલીસ વડાએ સન્માનિત કર્યા હતા.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચ અને પેરોલ ફર્લો સ્કવોર્ડની કામગીરી


## છેલ્લા દોઢ વર્ષથી અપહરણ અને પોકસોનાં ગુન્હામાં નાસતા–ફરતા આરોપીની અટકાયત

### આરોપી વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી શરૂ

અમરેલી, તા. ૧૬

છેલ્લા દોઢ વર્ષથી અપહરણ તથા પોકસોના ગુન્હામાં નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને પેરોલ ફર્લો સ્કવોર્ડે ઝડપી લીધેલ છે.

વિગત એવી છે કે, આ કામે અગાઉ આરોપીએ ફરિયાદીના વાલીપણામાંથી ભોગ બનનારને ભગાડી જતાં નાગેશ્રી પોલીસ સ્ટેશને ગુન્હો રજી. થયેલ અને જે કામે આરોપી પકડાઈ જતાં કોર્ટમાંથી જામીનમુકત થયેલ બાદ ફરી વખત આ કામની ભોગ બનનાર સગીરવયની હોવાનું જાણવા છતાં પણ ફરિયાદીના વાલીપણામાંથી ભોગ બનનારને બદકામ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયેલ. જે અંગે જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશમાં આરોપી વિરૂધ્ધ ગુન્હો રજી. થયેલ અને સ્પેશ્યલ સેશન્સ કોર્ટ રાજુલા ધ્વારા સીઆરપીસી કલમ ૭૦ મુજબનું વોરંટ ઈશ્યુ કરેલ જે કામે આરોપી આજદીન સુધી ફરાર હતો.



એ.એમ. પટેલ પોલીસ ઈન્સ્પેકટર એલસીબીનાં માર્ગદર્શન આધારે કે.જી. મયા (ગઢવી) પોલીસ સબ ઈન્સ્પેકટર પેરોલ ફર્લો સ્કવોર્ડની ટીમને મળેલ ચોકકસ બાતમી ધ્વારા જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન મુજબના કામે અમરેલી જિલ્લાનાં લીસ્ટેડ નાસતા ફરતા આરોપી દિલીપ શીંગડ રે. ઉનાને ભોગ બનનાર સાથે ગીર ગઢડા તાલુકાના ઉગલા ગામથી તા. ૧૬/૮/૨૩નાં રોજ ચોકકસ બાતમી આધારે હસ્તગત કરી આગળની ઘટતી કાર્યવાહી કરવા એએચટીયુ અમરેલીને સોંપવા તજવીજ કરેલ.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના અન્વયે પેરોલ ફર્લો સ્કવોર્ડનાં પોલીસ સબ ઈન્સ્પેકટર કે.જી. મયા (ગઢવી) તથા એએસઆઈ હિંમતભાઈ જીંજાળ ા, શ્યામકુમાર બગડા, કૌશીકભાઈ બેરા તથા હેડ કોન્સ્ટેબલ જયપાલસિંહ ઝાલા, પરેશભાઈ સોંધરવા, પોલીસ કોન્સ્ટેબલ સતારભાઈ શેખ તથા વુ.હેડ કોન્સ્ટેબલ કૃપાબેન પટોળીયા, વૃ.પો. કોન્સ્ટેબલ ધરતીબે લીબાસીયા એ રીતેના જોડાયેલા હતા.

### પરા વિસ્તારની ઘટના

## ધારી પંથકમાંથી ૧૫ વર્ષની તરૂણીને લલચાવી–ફોસલાવી અપહરણ કરાયું

અમરેલી, તા. ૧૬

ધારી નજીક આવેલ એક પરા વિસ્તારમાં રહેતી એક ૧૪ વર્ષ ૭ માસની ઉંમર ધરાવતી તરૂણીને ધારી ગામે રહેતા જગદીશ મંગળુભાઈ બારૈયા તથા ભવસુખભાઈ નનુભાઈ મકવાણા નામનાં ૨ ઈમસો ગત તા. ૧૧ નાં રોજ લલચાવી ફોસલાવી લગ્ન કરવાનાં ઈરાદે ભગાડી ગયાની ફરિયાદ ધારી પોલીસમાં નોંધાતા ધારી પીઆઈ જે.જે. ચૌધરીએ વધુ તપાસ હાથ ધરી છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૧૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિતે
શીંગપાક
ટોપરાપાક
ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ
કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫



* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

અમરેલી ખાતે તળપદા કોળી સમાજના લગ્નોત્સુક યુવક–યુવતીઓનો વેવિશાળ પરિચય સમારંભ
મહિલા તળપદા કોળી સેવા સમાજ અમરેલી દ્વારા તળપદા કોળી સમાજના લગ્નોત્સુક યુવક–યુવતિઓનો વેવિશાળ પરિચય સમારંભ તા. ૨૦/૦૮/૨૦૨૩ ના રોજ યોજાશે.
ભાગ લેનાર યુવક ધો. ૧૦ અથવા તો તેનાથી વધુ અભ્યાસ કરેલ હોવા જોઇએ તેમજ વેપાર કરતા, પોતાનું મકાન ધરાવતા અને ઓછામાં ઓછી ૨૦,૦૦૦/– આવક ધરાવતા યુવકો ફોર્મ ભરી શકશે.
યુવતીઓ માટે અભ્યાસ કે આવકને ધ્યાનમાં લેવામાં આવશે નહી. ફોર્મ અને માહીતી નીચેના સરનામે તા. ૧૭/૦૮/૨૦૨૩ સુધીમાં ફોર્મ મોકલી આપવા વિનંતી.
શ્રી આરતીબેન ગોહીલ, મો. ૯૪૦૯૩ ૧૩૬૪૪ (પ્રમુખ)
શ્રી પરશોતમભાઇ એન. મકવાણા, મો. ૯૪૨૮૭ ૯૮૬૪૭
શ્રી રમેશભાઈ આર. ડાભી, મો. ૯૧૦૪૪ ૧૯૬૪૧
શ્રી રામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર 'હરિરામ' હોલસેલ માર્કેટ, દુ.નં. B/F–૧૩, પહેલો માળ, અમરેલી.

"શ્રી વલ્લભ" Navnit
MARUTI SUZUKI ARENA
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...


ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો–રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999




HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ


ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૯૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

# યે આન તિરંગા હૈ, યે શાન તિરંગા હૈ, મેરી જાન તિરંગા હૈ

## વડિયા : સરદાર પટેલ વિદ્યાલયમાં સ્વાતંત્રતા દિવસની ઉજવણી





વડિયા, તા. ૧૬

સરદાર પટેલ વિદ્યાલયમાં સ્વતંત્રતા દિવસના દિવસે અતીથી વિશેષ તરીકે વડીયા એસ. બી. આઈ. બેન્કના મેનેજર ચીંતનભાઈ પ્રજાપતિએ ધ્વજવંદન કરી અને દીપ પ્રાગટ્ય શાળાનો સ્ટાફ તેમજ વાલીઓ દ્વારા કરીને કાર્યક્રમની શરૂઆત કરી હતી. કાર્યક્રમની રૂપરેખા હેતલબેન સાદરાણી તેમજ શીતલબેન ગણાત્રાના માર્ગદર્શનથી તમામ કૃતિઓ રજુ કરી હતી અને કાર્યક્રમનું સંચાલન રીમાબેન પંડયાએ કરેલું હતું. પ્લેહાઉશ થી લઈને ધોરણ આઠ સુધીના શાળાના તમામ બાળકો એમની અલગ અલગ કૃતિ તેમજ ડાન્સ રજૂ કર્યા હતાં. ખાશ ધોરણ ૩ નાં વિદ્યાર્થી આરાધ્ય રાદડીયાએ સ્વાતંત્ર પર્વ વિશે માહીતી આપી હતી અને ધોરણ ૪ માં ઉનડકટ મંત્રએ હિન્દી ભાષામાં સ્વાતંત્ર પર્વની માહીતી આપી હતી ને ધોરણ ૪ માં જેસિકા સાદરાણીએ ઈંગ્લીશમાં સ્વાતંત્ર પર્વની માહીતી આપીને આ ૩ બાળકોએ બધાના દિલ જીતી લીધા હતા. ધોરણ ૬/૭/૮ ના બાળકોએ આજના યુગમાં મોબાઈલનો કેટલો કેટલો દૂર ઉપયોગ કરે છે. તેમના વિશે નાટક રજૂ કરીને બાળકો તેમજ માતા પિતાની આંખો ખોલી નાખી હતી. સરદાર પટેલ વિદ્યાલય શ્રેષ્ઠ શિક્ષણ આપે છે એ અમારા બાળકો જ એમનું પ્રૂફ છે તેમજ સરદાર પટેલ વિદ્યાલય શિક્ષણની ગેરેન્ટી આપતી શાળા છે પ્રિફસ્ટનાં બાળકના માતા નમર્તાબેન આકાશભાઈ ગોંડલીયાએ સ્પીચ આપી હતી. સરદાર પટેલ વિદ્યાલયમાં જે શિક્ષણની ગેરેન્ટી આપે છે તે સાચું છે ને સાબીત કરે છે. સ્કૂલ તેમજ સ્કૂલનાં સ્ટાફની પ્રશંશા કરી હતી તેમજ મિતુલભાઈ ગણાત્રાએ સ્વતંત્રતા દિવસ વિષે માહીતી આપી હતી ને સ્કૂલનાં હેડ ઓફ ડિપાર્ટમેન્ટ હેતલબેન સાદરાણીએ પણ સ્વતંત્રતા દિવસ વિશે માહીતી આપી ને બધા વાલી ગેરેન્ટી આપી તમે અમારી સ્કૂલ પર મુકેલા વિશ પર અમારી સ્કૂલ એમાં ૧૦૦% રીઝલ્ટ આપશે એવી જવાબદારી આપી હતી. તેમજ કાંતિભાઈ ગણાત્રા, કાંતાબેન ગણાત્રાએ સ્કૂલના તમામ બાળકોને નોટબુક આપીને સન્માનીત કર્યા હતા તેમજ શીતલબેન ગણાત્રાએ બધા શિક્ષકને પેન આપી સન્માનીત કર્યા હતા. તેમજ અમારા શાળાના શિક્ષક ક્રિષ્નાબેન પીઠવાની વિદાય હતી તો શાળા તરફથી એમને એમના કાર્યકાળ દરમિયાન સારી કામગીરી બદલ એમને સન્માનીત કર્યા ને વિદાય આપી હતી અને ભવ્યભાઈ સાદરાણી અને પરેશભાઈ સાદરાણીની તનતોડ મહેનત, મેથી કોથમીરના ગરમા ગરમ ગાંઠિયા અને ભાત ભાતના સાંભાર બનાવીને બધાને આગ્રહ પૂર્વક પ્રસાદ લેવડાવ્યોને બધા બાળકોના માતા પિતાએ હાજરી આપી તે બદલ શાળા પરિવારે એમનો આભાર વ્યકત કર્યો હતો અને ખાશ જેમની મહેનતથી કાર્યક્રમ સફળ રહ્યો તેવા અમારા લાડકા બહેનો શાળાનાં તમામ સ્ટાફનો આભાર વ્યકત કરીએ છીએ.

## ચાંદગઢ પ્રાથમિક શાળામાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી



અમરેલી, તા,૧૬

અમરેલી તાલુકાના ચાંદગઢ પ્રાથમિક શાળામાં ૭૭માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી. ગામના અગ્રણી શૈક્ષણિક સિદ્ધિમાં રસ ધરાવતા દાતા ભીખુભાઈ ખુમાણના સુપુત્ર મહાવીરભાઈ, દાદભાઈ ધાધલ, મનસુખભાઈ કથીરીયા દાતાઓનાં વરદહસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું. શૌર્ય, શાંતિ અને સમૃદ્ધિનાં પ્રતિક તિરંગાને સામુહિક સલામી આપી રાષ્ટ્રગાન તથા ઝંડાગીતનું ગાન કરવામાં આવ્યું. આવેલ તમામ ગ્રામજનોનું શાબ્દિક તથા બાળકો દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. શાળાના આચાર્ય સુનીલભાઈ દ્વારા દાતાઓ ભીખુભાઈ ખુમાણ, દાદભાઈ ધાધલ, મનસુખભાઈ કથીરીયા, જશુભાઈ ખુમાણને સન્માન પત્રક અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યાં. શાળા પરિવાર દ્વારા તૈયાર કરેલ સ્વાગત ગીત, દેશ ભક્તિગીત, હેલ્લારો રાસ, પીરામીડ, બાળગીત, લાઠીદાવ, સ્વાતંત્ર્ય દિનની સ્પીચ જેવા કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને જશુભાઈ, ભીખુભાઈ, દાદભાઈ, ભુપતભાઈ, રામકુંભાઈ ધાધલ, રામકુંભાઈ ખુમાણ, મનસુખભાઈ, ગ્રામપંચાયતનાં સભ્યો, તેમજ બહોળા પ્રમાણમાં ગ્રામજનો અને વાલીઓ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. તમામ મહેમાનોને ચા અને મીઠાઈ ઉપસરપંચ જશુભાઈ ખુમાણ તથા મંત્રી તરફથી આપવામાં આવ્યો. વાલીસંમેલન કર્યા બાદ મહાનુભાવોનાં હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. મેરી મીટ્ટી મેરા દેશ અંતર્ગત સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. દાતા ભીખુભાઈ ખુમાણ દ્વારા વિદ્યાર્થીનીઓ માટે ચણીયાચોળી નિમિતે રૂા.૧૦૦૦૦/–, રાજેશભાઈ થળેશા દ્વારા વિદ્યાર્થીઓને નાસ્તા માટે રૂા. ૨૦૦૦/–નું રોકડ દાન આપવામાં આવ્યું. મનસુખભાઈ તરફથી રૂ.૧૧૦૦/–, દાદભાઈ તરફથી રૂા.૫૦૦/–, જશુંભાઈ તરફથી રૂા.૫૦૦/–, ભૂપતભાઈ તરફથી રૂા.૫૦૦/–, રામકુંભાઈ ખુમાણ તરફથી રૂા.૫૦૦/– તથા ગ્રામજનો તરફથી ૧૦૦૦/– રોકડા દાન મળેલ છે. તમામ દાતાઓનું શાળા પરિવાર તહેદીલથી આભાર વ્યકત કરે છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પાયલબેન નાથવાણી દ્વારા કરવામાં આવ્યું. સાઉન્ડ સિસ્ટમનું સંચાલન નીલમબેન દ્વારા કરવામાં આવી. બેઠક વ્યવસ્થા અને ચા નાસ્તાનું આયોજન અસ્મીતાબેન અને નલીનીબેન દ્વારા કરવામાં આવી તથા આભાર વિધિ શાળાના આચાર્ય સુનીલભાઈ કોડિયા દ્વારા કરવામાં આવી. તમામ ગ્રામજનોનું શાળા પરિવાર તહેદીલથી આભાર વ્યકત કરે છે.

## અમરેલીના બે મિત્રો દ્વારા ૭૭માં સ્વતંત્રતા દિવસની અનોખી રીતે ઉજવણી



અમરેલી, તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'સ્વચ્છ ભારત' અભિયાનનાં વિચારો ની પ્રેરણા સાથે અમરેલીના સેવાકીય પ્રવૃતિ સાથે જોડાયેલ બંન્ને મિત્ર કિશનભાઈ શીલુ અને કાર્તિકભાઈ પંડયા દ્વારા સ્વતંત્રતા દિવસ અનોખી રીતે ઉજવ્યો. સ્વતંત્રતા દિવસ એટલે રાષ્ટ્રીય પર્વ જેમા આપણી માતૃભૂમિ આપણી સંસ્કૃતિ તેમજ આઝાદીના સંઘર્ષોને યાદ કરી દેશ અને વિદેશમા ખુબજ ઉત્સાહપુર્વક સ્વતંત્ર દિવસ ઉજવીએ છે.

જયારે આપણી માતૃભૂમિ જેને આપણે હંમેશા શિશ નમાવીને વંદન કરીએ છીએ તેમને સ્વચ્છ અને સુંદર રાખવું એ આપણો રાષ્ટ્રધર્મ છે. કારણ કે 'સાફ સફાઈ કી આદત અપનાલો, કૂડા, કૂડેદાન મે ડાલો, મત ફેલાવો ઈધર–ઉધર, અચ્છી આદત તુમ અપનાલો, સાફ–સફાઈ કો અપનાઓ, સુંદર અપના શહેર બનાવો' અમરેલી શહેરનાં બાયપાસ રોડ ઉપર વિવિધ જગ્યા એ ફેકવામા આવતો પ્લાસ્ટિક જેવાં વિવિધ કચરાને એંકઠો કરી તેને નાશ કરવામા આવ્યો તેમજ અમરેલી પ્રેસ રીપોર્ટીંગના માધ્યમથી લોકોને નમ્ર વિનંતી કરવામા આવેલ હતી કે અમરેલી શહેરને સ્વચ્છ અને સુંદર રાખવું એ આપણા સૌની નૈતિક ફરજ છે અને એજ રાષ્ટ્રભાવનો અભિન્ન અંગ છે.

## અમરેલીની મોંઘીબા મહિલા આર્ટસ કોલેજમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી




અમરેલી, તા. ૧૬

શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા કેમ્પસ ખાતે રાષ્ટ્રનાં ૭૭ માં સ્વાતંત્ર્યદિવસની ગરીમાપૂર્ણ રીતે ઉજવણી કરવામાં આવી. આજનાં કાર્યક્રમમાં ઈફકોનાં ચેરમેન તથા મધ્યસ્થ સહકારી બેન્ક લી.નાં ચેરમેન ભૂતપૂર્વ સિનિયર કેબીનેટ મંત્રી દિલીપભાઈ સંઘાણીનાં વરદ્હસ્તે ધ્વજારોહણ કરવામાં આવેલ. અમરેલી જિલ્લા વિદ્યાસભાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા તથા સમગ્ર ટ્રસ્ટી મંડળ પ્રિન્સીપાલો, સ્ટાફ મેમ્બર્સ તથા વિશાળ સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ– બહેનો દ્વારા રાષ્ટ્રનાં ૭૭માં સ્વાતંત્ર્યદિવસની ગરીમાપૂર્ણ ભવ્ય ઉજવણી કરવામાં આવી. જેમાં માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ– અમરેલીની એન.સી.સી. કેડેટ્સ દ્વારા દેશભકિત ગીત પર કલાત્મક રીતે નૃત્ય રજૂ કરેલ. આ કોલેજની વિદ્યાર્થીની કુ. ગોહિલ જાગૃતિ અશોકભાઈએ ૨૦૨૨ની બી.એ. સેમ. ૬માં સંસ્કૃત વિષયમાં ગોલ્ડ મેડલ મેળવેલ. તેમનું આજના કાર્યક્રમમાં વિદ્યાસભાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરાનાં હસ્તે વિશેષ સન્માન કરવામાં આવેલ. આજના દિવસે આ કોલેજની વિદ્યાર્થીનીઓ(૧) કુ. સોલંકી ભૂમિ આર. (૨) કુ. કોલડીયા અસ્મિતા (૩) કુ. લાલૈયા અવની (૪) લીંબાસીયા ઉર્મિ (૫) પઢહારિયા શ્રધ્ધા ગત વર્ષે આંતર કોલેજ ક્રોસ કન્ટ્રી સ્પર્ધામાં ચેમ્પિયન બનેલ તેઓનું મહાનુભાવોનાં વરદ્ હસ્તે મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ. આ કોલેજની ૧૪૦ જેટલી એન.સી.સી., એન.એસ.એસ. તથા સ્પોર્ટસ વિભાગની વિદ્યાર્થીનીઓ તથા સમગ્ર સ્ટાફ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. કાર્યક્રમમાં વિશેષ સન્માનિત તમામ વિદ્યાર્થીનીઓને વિદ્યાસભાનાં ટ્રસ્ટી, હોદ્દેદારો, ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. બી.આર. ચુડાસમા તથા સમગ્ર કોલેજ સ્ટાફ તરફથી ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

## સા.કુંડલા : આંગણવાડીનાં ભુલકાઓ દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી



સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા શહેરમાં હાથસણી રોડ પર આવેલા નાગનાથ સોસાયટી ખાતે આવેલ આંગણવાડીના નાનાં ભૂલકાઓએ પણ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી ઉમંગ અને ઉત્સાહ સાથે કરી.

આજરોજ સાવરકુંડલા શહેરમાં હાથસણી રોડ પર નાગનાથ સોસાયટીમાં આવેલા આંગણવાડી નંબર ૪૩ ખાતે નાનાં ભૂલકાઓ દ્વારા પણ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી. આ તકે સાવરકુંડલા શહેરનાં વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધીની પૌત્રી ધાર્વીબેનને અન્નપ્રાશન સંસ્કાર પણ સંપન્ન કરાવવામાં આવેલ. આમ બાળપણથી જ ભુલકાઓમાં રાષ્ટ્રભકિતનું સિંચન થાય એવા પ્રથમ ચરણ સાથે સ્વાતંત્ર્ય પર્વની અનોખી ઉજવણી કરવામાં આવી.

પ્રસ્તુત તસવીરમાં આંગણવાડી સંચાલિકા કાજલબેન ધાર્વીબેનને અન્નપ્રાશન સંસ્કાર સંપન્ન કરાવતાં જોવા મળે છે.

## ઉના : સુન્ની મુસ્લિમ જમાતના પ્રમુખે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો



ઉના, તા. ૧૬

૭૭માં સ્વતંત્ર દિનની ઉજવણી સમગ્ર દેશમાં આન બાન શાનથી કરવામાં આવી હતી ત્યારે ઉના શહેરના અંજાર ગામે જતા રોડ પર આવેલ બગદાદ નગર સોસાયટી ખાતે સુન્ની મુસ્લિમ જમાતના પ્રમુખ ફારૂકભાઈ મહંમદભાઈ શેખ (પટેલ)ના હસ્તે રાષ્ટ્ર ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. જેમાં સુન્ની મુસ્લિમ જમાતના તમામ હોદેદારો, કાર્યકરો સહિતનાઓ મોટી સંખ્યામાં ભારત માતાનો રાષ્ટ્ર ધ્વજ લઈ જોડાયા હતા.

## દેવગામ ગામે તાલુકા કક્ષાએ સ્વાતંત્ર પર્વની ઉજવણી



વડિયા, તા. ૧૬

ગામડાંઓની સંસ્કૃતિ રજૂ કરી દેશભકિત ગીત સાથે રંગારંગ કાર્યક્રમો યોજાયા હતા. સ્વાતંત્ર્યપર્વની ઉજવણી કરવામાં આવી. ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા પણ ઉપસ્થિત રહ્યાં. જીલ્લા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ જલ્પેશભાઈ મોવલીયા, નાની નાની બાળાઓએ રાષ્ટ્રગીત ગાયને અવનવા નૃત્યો પીરસવામાં આવ્યાં હતા.

વડિયા–કુંકાવાવ તાલુકા વિકાસ અધિકારી ધવલ લીંબાસીયા, તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર સહિતનાં રાજકીય આગેવાનો અને દાતાઓ પણ ઉપસ્થિત રહ્યાં. તાલુકા ભરનાં લોકો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યાં. વડિયા પોલીસ દ્વારા પરેડ કરી સ્વાતંત્ર્યપર્વની ઉજવણી કરવામાં આવી સાથે દેવગામ ગામે વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજાયો હતો.

## રેબડીનેશ ખાતે ઉત્સાહભેર સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

અમરેલી, તા. ૧૬

દેશભરમાં ૭૭ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી હર્ષલ્લાસપૂર્વક થઈ રહી છે. ત્યારે અમરેલી જિલ્લાના ગાંડી ગીરનાં તુલસીશ્યામ રેંજનાં રેબડીનેશ ખાતે ધારી ગીર પૂર્વના એ.સી.એફ.વનવિભાગ અને સ્થાનિકોની વિશાળ હાજરી વચ્ચે પ્રથમવાર સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આમ તો દેશના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અનેક જગ્યાઓએ થઈ રહી હોય પણ ગીરના જંગલોમાં અને તેમાં પણ જંગલ વિસ્તારમાં વસતા માલધારીઓ અને માલધારીઓના દિકરા દિકરીઓ દ્વારા વનવિભાગ રેબડીનેસ ખાતે પ્રથમવાર હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ગીર પૂર્વના એસીએફ વેટરનરી ડોકટરો, આર.એફ.ઓ. ફોરેસ્ટર, ગાર્ડ, સહિતના સ્થાનીક અગ્રણીઓ અને ગીરના માલધારીઓએ ઉજવણીમાં ભાગ લઈને દેશભકિત અને દેશની શાન સમા તિરંગાને સલામી આપી હતી.

# અમરેલીમાં ૫ હજારથી વધુ નાગરિકો દ્વારા તિરંગા યાત્રા નીકળી










આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સ્વાતંત્ર્ય પર્વનાં અવસરે સમગ્ર દેશમાં "માટી મારી મારો દેશ" અને "હર ઘર તિરંગા" અભિયાનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. જિલ્લા વહીવટી તંત્ર, અમરેલી નગરપાલિકા, પોલીસ વિભાગ, વિવિધ શૈક્ષણિક, સામાજિક અને ધાર્મિક તેમજ વેપારી સંસ્થાઓની ભાગીદારીથી અમરેલી શહેરમાં પણ 'તિરંગા યાત્રા' યોજાઈ હતી. આ કાર્યક્રમમાં ૫,૦૦૦થી વધુ સહભાગીઓ તિરંગો લઈ "ભારત માતા કી જય" ના નાદ સાથે શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થયા હતા. તિરંગા યાત્રા નો પ્રારંભ અમરેલીનાં રાજમહેલ પરિસરમાંથી થયો હતો. ત્યારબાદ નગરનાં વિવિધ માર્ગો પરથી પસાર થઈ રાજમહેલ પરિસર ખાતે આ યાત્રાનું સમાપન થયું હતું. યાત્રામાં હુસૈની સ્કાઉટ અને અને પોલીસ સહિતનાં વિવિધ વિભાગોનાં બેન્ડે આકર્ષણ જમાવ્યું હતું. કલા મહાકુંભ અને યુવા ઉત્સવમાં ભાગ લેનારા કલાકારોએ પારંપારિક વેશભૂષામાં સજજ થઈ આ યાત્રામાં જોડાઈ તેમનું યોગદાન આપ્યું હતું. આ અંગે અમરેલી નગરપાલિકાના ચીફ ઓફિસર એચ.કે.પટેલે જણાવ્યું હતું કે, આઝાદીનાં અમૃત મહોત્સવ પ્રસંગે યોજાયેલા આ ત્રિવિધ કાર્યક્રમમાં આશરે ૫,૦૦૦ થી વધુ સહભાગીઓ જોડાયા છે. કાર્યક્રમમાં વિવિધ કચેરીઓનાં અધિકારીઓ, સામાજિક સંસ્થાઓ, કે.કે.પારેખ અને આર.પી.મહેતા વિદ્યાલય, ટી.પી.એન્ડ એમ.ટી.ગાંધી વિદ્યાલય, કમાણી ફોરવર્ડ હાઈસ્કુલ, સેન્ટ મેરી હાઈસ્કુલ, જીજીબેન ગર્લ્સ હાઈસ્કુલ, એન.પી.પટેલ હાઈસ્કુલ, કે.કે.પારેખ અને આર.પી.મહેતા વિદ્યાલય લીલાવતી બિલ્ડીંગ, દીપક હાઈસ્કુલ, વિદ્યાગુરૂ સાયન્સ સ્કુલ, વિદ્યાસભા સંકુલ, પ્રાથમિક અને માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો, મેડિકલ કોલેજનાં વિદ્યાર્થીઓ, એન.સી.સી.નાં કેડેટ્સ, એન.એસ.એસ.નાં સ્વયંસેવકો, સ્કાઉટર ગાઈડ, વેપારી મંડળો, સામાજિક ધાર્મિક સંસ્થાના પ્રતિનિધિઓ અને બહોળી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.

# અરમાન તિરંગા હૈ, ભગવાન તિરંગા હૈ, મેરી જાન તિરંગા હૈ

## સા.કુંડલા : વોકિંગ કલબ દ્વારા સ્વતંત્રતાનાં સંગ્રામવીરોને પુષ્પાંજલિ અર્પણ કરાઇ



સાવરકુંડલા, તા. ૧૬

સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે રાષ્ટ્રીય સેવક સંઘ તથા સાવરકુંડલા વોકીંગ ક્લબ દ્વારા દેશની સ્વતંત્રતા માટે પોતાનું જીવન સમર્પિત કરનારા સ્વતંત્રતા સંગ્રામ વીરોને યાદ કરી પુષ્પાંજલિ અર્પણ કરી. રાષ્ટ્રપ્રેમ ઉજાગરના ઉમદા હેતુથી ૭૭ માં સ્વતંત્રતાના દિવસે રાષ્ટ્રીય સેવક સંઘ તથા વોકિંગ ક્લબ જનતા બાગના સંયુકત ઉપક્રમે, આજરોજ પંડિત દિન દયાળ ઉપવન જનતા બાગ ખાતે દેશની સ્વતંત્રતા માટે પોતાનું સંપૂર્ણ જીવન સમર્પિત કરનારા સ્વતંત્રતા સંગ્રામના વીરોને યાદ કરી અને જનતા બાગમાં તાજેતરમાં બનાવેલ સ્મારક પર પુષ્પાંજલિ તેમજ રાષ્ટ્રધ્વજને સલામીનો એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આર.એસ.એસ. પંડિત દિન દયાળ પ્રભાત શાખાના તમામ કાર્યકરો, વોકિંગ ક્લબના સભ્યો અરવિંદભાઈ ગઢીયા, પરેશભાઈ હિંગુ, ભાવેશભાઈ હરસોરા, હિરાણીભાઈ, મયુરભાઈ વાઘેલા, લલિતકુમાર મારૂ, શશીભાઈ રાઠોડ, હિંમતભાઈ પટેલ, મયુર સાવકા, જીતુભાઇ ચુડાસમા, જનતા બાગના કર્મવીર મહાવીરભાઈ તેમજ બહોળી સંખ્યામાં રાષ્ટ્રપ્રેમી નગરજનોએ હાજર રહી અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં તાજેતરમાં નિયુકત થયેલા તેમજ પ્રકૃતિપ્રેમી એવા એ.એસ.આઈ. જે. કે. આહીર તથા એચ.એસ. કામળિયા પણ પુષ્પાંજલિ કાર્યક્રમમાં વિશેષ હાજરી આપેલ.

## સા.કુંડલા : સરકારી પ્રાથમિક શાળા-ર માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઈ



સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા શહેરમાં મણીભાઈ ચોક ખાતે આવેલ સરકારી પ્રાથમિક કન્યા શાળા નંબર બે માં ૭૭ મા સ્વાતંત્ર્ય દિન અને આ શાળાના આચાર્યા ભારતીબેન રાઠોડના જન્મદિવસની ઉજવણી ઉમંગ અને ઉત્સાહભેર કરવામાં આવી.

આજરોજ શ્રી બ્રાન્ચ શાળા નંબર ૨, કન્યાશાળા સાવરકુંડલામાં ૭૭ માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી હર્ષભેર કરવામાં આવેલ હતી. જેમના મુખ્ય અતિથિ વિશેષ તરીકે મેહુલભાઈ વ્યાસ હતા તેમજ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી નરેન્દ્રભાઈ જોષી, પે સેન્ટર આચાર્ય મહેશભાઈ જાદવ, ઉષાબેન, નીલમબેન, તેમજ શાળાનો સમગ્ર સ્ટાફ હરિભાઈ બોરીસાગર, બીએડ તાલીમાર્થી રિધ્ધિબેન, દરેકે સાથે મળીને ૭૭માં સ્વતંત્રદિનની ઉજવણી હર્ષભેર કરેલ. જેમાં રાષ્ટ્રધ્વજને સલામી, 'મેરી મિટ્ટી મેરા દેશ' સાંસ્કૃતિક કાર્યક્રમો ધોરણ પાંચ થી આઠની તમામ દીકરીઓએ રજૂ કર્યા, તેમજ આજરોજ આચાર્યા ભારતીબેન અને તેમના પતિ જનકભાઈ પરીખે મેહુલભાઈ વ્યાસ દ્વારા ફોર્મ ભરીને પોતે ભારતીબેન અને જનકભાઈ પરીખ, બંનેએ પોતાની આંખ, યકૃત, કિડની લીવરનું અંગદાન કરેલ. પોતાનો જન્મદિવસ આવી રીતે ઉજવેલ જે એક માતૃભૂમિને મેરી મિટ્ટી મેરા દેશમાં શહીદી વહોરે છે, પરંતુ આપણે શહેરીજન આપણી માતૃભૂમિને પણ આપણા ગયા પછી પણ એનું ઋણ અદા કરીએ, એવી સદભાવના સાથે બંને દંપત્તિએ પોતાનું અંગદાન કરેલ છે.

જેમાં તેના વારસદાર તરીકે તેમની દીકરી જીજ્ઞાબેન અને તેમનો દીકરો મૈતિકભાઈએ સહી કરેલ હતી. આવી રીતે પોતાની શાળામાં પોતે 'ચાલો આદર્શ બનીએ' નો પોતે દીકરીઓને એક આદર્શ પૂરો પાડેલ છે. જેમાં મેહુલભાઈએ પણ પોતાના વકતવ્યમાં ૧૮ વર્ષની ઉંમર પછી દર ત્રણ માસે તંદુરસ્ત વ્યકિત રકતદાન કરી શકે છે. તે બાબત ટૂંકું પણ સરસ મજાનું નાનું એવું પણ સચોટ વકતવ્ય આપેલ હતું. એકંદરે એસએમસી સભ્યો વાલીગણ વિદ્યાર્થીનીઓ સાથે બહોળી સંખ્યામાં આઈ લવ માય ઈન્ડિયાની કેક કાપીને સરસ મજાની ૭૭માં સ્વાતંત્ર દિનની ઉજવણી અને આચાર્યા ભારતીબેન રાઠોડની જન્મદિવસની ઉજવણી પણ હર્ષભેર કરવામાં આવેલ હતી.

## તરવડાનાં ગુરૂકુલ ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી



અમરેલી, તા. ૧૬

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ રાજકોટ સંસ્થાન, ગુરૂકુલ તરવડા ખાતે ૭૭માં સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે અમરેલી -ભાવનગર જિલ્લા પ્રચારક આર.એસ.એસ. વિવેકભાઈ તળાવિયા અને લેખક, આર.એસ.એસ. પ્રચારક ગોરધનભાઈ ભેસાણીયા દ્વારા ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ જેવાં કે, રાષ્ટ્રભકિત ગીત, નૃત્ય, નાટકો, વિવિધ પરેડો, જુડો, વ્યકતવ્ય વગેરે કાર્યક્રમ દ્વારા દેશભકિત કૃતિ રજૂ કરેલ.

મુખ્ય મહેમાને પ્રવચનમાં જણાવેલ કે, 'આઝાદ ભારતની રક્ષા માટે સરહદ પર જવાની જરૂર નહિ પરંતુ જો આપણે આપણું દરેક કાર્ય સંપૂર્ણ નિષ્ઠા અને જવાબદારી સાથે કરીએ તો પણ દેશભકિત જ છે અને સ્વદેશી વસ્તુઓનો જ ઉપયોગ કરીને પણ દેશ ભકિત નિભાવી શકીએ'. અને પુ. હરિસ્મરણ સ્વામીએ સ્વતંત્રતાનો સાચો અર્થ સમજાવેલ. કાર્યક્રમના અંતે પૂ. રામકૃષ્ણદાસજી સ્વામીને આભારવિધિ વ્યકત કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ સંતો, શિક્ષકો, વિદ્યાર્થીઓનો ખૂબ ખૂબ આભાર વ્યકત કરેલ.

## હર ઘર તિરંગા અંતર્ગત ૪૫૦૦ રાષ્ટ્રધ્વજનું વિતરણ

## માહી ડેરી દ્વારા ૭૭માં સ્વાતંત્ર્ય દિનની ઉત્સાહભેર ઉજવણી કરાઈ

### દૂધ ઉત્પાદકોની સેવા થકી દેશની ઉન્નતિમાં ફાળો આપવા અનુરોધ



રાજકોટ, તા. ૧૬

"હર ઘર તિરંગાની સાથે હર ઘર માહીનાં નારાને અમલમાં મૂકી ઘરે ઘરે માહીનાં દૂધ અને તેના ઉત્પાદનો પહોંચાડીને દૂધ ઉત્પાદકોની-કિસાનોની સેવા થકી તેમની આર્થિક સ્થિતિ મજબૂત કરી દેશની ઉન્નતિમાં ફાળો આપીએ." તેમ દેશના ૭૭માં સ્વાતંત્ર્યદિન નિમિત્તે ધ્વજવંદન બાદ માહી ડેરીનાં ચીફ એકિઝકયુટિવ ડો. સંજય ગોવાણીએ અપીલ કરી કર્મચારીઓને તેમની ક્ષમતા મુજબનું યોગદાન આપવા હાકલ કરી હતી.

માહી ડેરીનાં ખંઢેરી ખાતે આવેલા કેટલફીડ પ્લાન્ટનાં વિશાળ મેદાનમાં ૧૫ મી ઓગષ્ટનાં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ધ્વજવંદન કરી ડેરીનાં કર્મચારીઓ ધ્વારા ભવ્ય

ઉજવણી કરવામાં આવી હતી. ડેરીનાં ચીફ એકિઝકયુટીવ ડો. સંજય ગોવાણીના માર્ગદર્શન હેઠળ મુખ્ય કચેરીનાં કર્મચારીઓએ રાષ્ટ્રગીત ગાઈ તિરંગાને સલામી આપી હતી.

આ પ્રસંગે માહી ડેરીના ચીફ એકિઝકયુટિવ ડો. સંજય ગોવાણીએ દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લેનાર નામી અનામી સ્વાતંત્ર્ય વીરોના બલિદાન એળે ન જાય તે માટે સૌને રાષ્ટ્રીય એકતા જાળવી રાખવા અનુરોધ કર્યો હતો. તેમણે ડ્રગ્સ અને વ્યસનોની વધી રહેલી બદી પ્રત્યે ચિંતા વ્યકત કરીને યુવાનો, વિદ્યાર્થીઓને તેનાથી દૂર રાખવા અપીલ પણ કરી હતી.

તેમણે માહીના ઉત્પાદનોને ઘરે ઘરે પહોંચાડવા "મેરા દૂધ - માહી દૂધ" અને "હર ઘર માહી"નો નારો આપ્યો હતો અને "જય જવાન જય કિસાન"ના સૂત્રને સાર્થક કરવા કિસાનોની આર્થિક સ્થિતિ સુધારવા કર્મચારીઓને હાકલ કરી હતી. તેમણે ડેરીના સભાસદો, પશુપાલકો વગેરેની સેવા થકી દેશની ઉન્નતિમાં ફાળો આપવા પણ કર્મચારીઓને અપીલ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે માહી ડેરી ધ્વારા તમામ કર્મચારીઓ, ૨૫૦૦થી વધુ દૂધ એકત્રીકરણ કેન્દ્રો, ૧૫૦૦ થી વધુ વિતરકોને હર ઘર તિરંગા અભિયાન હેઠળ ૪૭૦૦ રાષ્ટ્રધ્વજનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિવિધ જિલ્લાઓમાં આવેલી માહી ડેરીની કચેરીઓ ખાતે પણ સ્વાતંત્ર્ય દિનની આન, બાન અને શાન સાથે ઉજવણી કરવામાં આવી હતી.

૭૭માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી દરમિયાન રાષ્ટ્ર ગાન સાથે તિરંગાને સલામી આપ્યા બાદ રાષ્ટ્ર પ્રત્યે સમર્પિત રહેવા કર્મચારીઓએ પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી.

## વડિયા શ્રી સુરગવાળા હાઈસ્કૂલમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઇ



વડિયા, તા. ૧૬

વડિયામાં આવેલી ગ્રામપંચાયત સંચાલિત શ્રી સુરગવાળા હાઈસ્કૂલમાં ૭૭માં સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના નિવૃત્ત થતાં શિક્ષક માવજીભાઈ ગાવીતનાં હસ્તે કરાયુ ધ્વજવંદન અને શાળાના બાળકોએ વિવિધ દેશભકિત ગીત પર પોતાની કલા રજૂ કરી હતી. હાયર સેકન્ડરીના બાળકો દ્વારા પિરામિન્ડ રજૂ કરી ઉપસ્થિત તમામ લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ કાર્યક્રમમાં સ્થાનિક સરપંચ મનિષભાઈ ઢોલરીયા લેઉવા પટેલ સમાજના પ્રમુખ કેશુભાઈ ઉંધાડ સહિત ગામના અગ્રણીઓ, કર્મચારીઓ, શાળાનો સ્ટાફ, વાલીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વડિયાનાં વિનાયક વિદ્યા મંદિરમાં સ્વાતંત્ર્યપર્વની ઉજવણી કરાઇ



વડિયા, તા. ૧૬

સમગ્ર વિશ્વમાં પુરૂષોત્તમ માસની ઉજવણી કરવામાં આવી રહી હોય ત્યારે વડિયા તાલુકાનાં મોટી કુંકાવાવ ખાતે નિલકંઠ મહાદેવનાં મંદિર દેવળ ખાતે આવેલું અતિ પૌરાણિક મહાદેવનાં મંદિર ખાતે ગોપીઓ દ્વારા ગોરમા બનાવી આખો પુરૂષોત્તમ માસમાં પૂજન અર્ચન કરીને અધિક શ્રાવણ માસની ઉજવણી કરવામાં આવી રહી હતી. ત્યારબાદ આજે પુરૂષોત્તમ માસની પૂણાહૂતિ પ્રસંગે ગોપીઓ દ્વારા નિલકંઠ મહાદેવ મંદિર દેવળ ખાતેથી સોનલ ડેમમાં પધરાવી પુરૂષોત્તમ માસની પૂર્ણાહૂતિ કરી હતી. મોટી સંખ્યામાં ગોપીઓ દ્વારા ભગવાન પુરૂષોત્તમ પગપાળા યાત્રા કરી પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

## નેસડી ગામે ''મેરી મીટ્ટી મેરા દેશ'', ''માટીને નમન વીરોને વંદન'' કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા તાલુકાના નેસડી ગામે ૭૭માં "સ્વાતંત્ર્યદિન"ના દિવસે અમૃત સરોવરના કાંઢે અમૃત મહોત્સવ સમાપન પ્રસંગે 'મેરી માટી મેરા દેશ' 'માટીને નમન વિરોને વંદન'નો કાર્યક્રમ સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના અધ્યક્ષ સ્થાને અને ખોડિયાર મંદિરના મહંતશ્રી લવજીબાપુની વિશેષ ઉપસ્થીતિમાં યાજવામાં આવ્યો હતો. જેમાં ધ્વજ વંદન, નવા નીરના વધામણા, વૃક્ષારોપણ, કલશપૂજન, નેસડી ગામના સ્વાતંત્ર સેનાની સ્વ. અમુલખભાઈ ખીમાણીની તકિતનું અનાવરણ સાથે શ્રધ્ધાંજલી આપવામાં આવી તથા ગામના વ્યકિત વિશેષનું સન્માન કરવામાં આવ્યું હતુ.

ઉપરોકત કાર્યક્રમમાં સરપંચ કરશનભાઈ વઘાસીયા, જીલ્લા પંચાયત બાંધકામ સમીતીનાં ચેરમેન પ્રમુખ જીવનભાઈ વેકરીયા, પૂર્વ સરપંચ હિમતભાઈ ગેવરીયા, પૂર્વ મહામંત્રી જીતુભાઈ ભટ્ટ, રાણાભાઈ રાદડીયા, લલીતભાઈ બાળધા, તા.પં. સદસ્ય જીતુભાઈ કાછડીયા, દેવચંદભાઈ સાવલીયા, રસીકભાઈ ચાંદગઢીયા, ન.પા. સદસ્ય કિશોરભાઈ બુહા, કમલેશભાઈ સરપંચ કરજાળા, નૈમીશભાઈ ઠાકર, અશોકભાઈ માયાણી, તાલુકા વિકાસ અધિકારી પરમાર, તાલુકા વિસ્તરણ અધિકારી રફીકભાઈ જાદવ અને કે.બી. કાકડીયા, માધ્યમિક શાળાના આચાર્ય ધર્મેન્દ્રભાઈ ગોહેલ, પ્રા.શાળાના આચાર્ય હસુભાઈ મૈસુરીયા, આરોગ્ય કર્મચારીઓ, આંગનવાડી કાર્યકર બહેનો, પ્રાર્થમિક- માધ્યમિક શાળા સ્ટાફ, વિદ્યાર્થી ભાઈ-બહેનો અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી : વિદ્યાસભા કેમ્પસ ખાતે ૭૭માં સ્વાતંત્ર્ય દિનની ભવ્ય ઉજવણી










ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા પ્રાથમિક, મિડલ, ઉ.માધ્યમિક ગુજરાતી-અંગ્રેજી માધ્યમ તથા શ્રીમતિ ચંપાબેન વસંતભાઈ ગજેરા માધ્યમિક સ્કૂલ તેમજ કે.કે. પારેખ કોમર્સ કોલેજ, કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ, માતૃશ્રી મોંઘીબા આર્ટસ કોલેજ, એમ.બી.એ., મણીબા નર્સિંગ કોલેજ, શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા એન્જિનિયરીંગ કોલેજનાં સંયુકત ઉપક્રમે ૭૭માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ એન.સી.સી. સ્ટુડન્ટસ દ્વારા પધારેલા માનવંતા મહેમાનોને એસ્કોર્ટ કરી તાલબધ્ધ સંગીત અને શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા પુષ્પોથી સ્વાગત કરી સ્ટેજ સુધી દોરી ગયા હતા. ત્યારબાદ મુખ્ય મહેમાન દિલીપભાઈ સંઘાણી, પ્રમુખ વસંતભાઈ ગજેરા, ઉપપ્રમુખ નાગજીભાઈ સોજીત્રાનાં હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. ત્યારબાદ દિપ-પ્રાગ્ટય માટે દિલીપભાઈ સંઘાણી, કેતનભાઈ પટેલ, પ્રમુખ વસંતભાઈ ગજેરા, ઉપપ્રમુખ નાગજીભાઈ સોજીત્રા, ચતુરભાઈ ખૂંટ, વસંતભાઈ મોવલીયા, દિનેશભાઈ ભુવા, જીતુભાઈ સોમૈયા, જીતુભાઈ ડેર, મનુભાઈ સાવલીયા, લાયન્સ કલબનાં પ્રમુખો, ડો. કુબાવત, ડો. ધડુક, ડાયરેકટર વસંતભાઈ પેથાણીને આમંત્રીત કરવામાં આવ્યા હતા. સૌ મહાનુભાવોનાં વરદ્ હસ્તે દિપ-પ્રાગ્ટય કરી સાંસ્કૃતિક કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાનાં ડાયરેકટર વસંતભાઈ પેથાણી મુખ્ય મહેમાનો તથા પ્રેસ મીડિયાનું શાબ્દીક સ્વાગત સંબોધન કર્યું હતું. ત્યારબાદ દિલીપભાઈ સંઘાણીએ તેમના પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં નરેન્દ્ર મોદીનાં 'હર ઘર તિરંગા' અભિયાનનો ઉલ્લેખ કર્યો હતો. વિદ્યાસભાનાં વિશાળ કેમ્પસમાં સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશાળ સંખ્યામાં વાલીઓ, શાળા તથા કોલેજ સ્ટાફ, ૨૫૦૦ જેટલા વિદ્યાર્થી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. ખૂબ જ રંગારંગ કાર્યક્રમમાં દેશભકિતની કૃતિઓ, નૃત્ય વકતૃત્વ અને વિવિધ સાંસ્કૃતિક કૃતિઓથી વાતાવરણ દેશભકિતનાં રંગેરંગાયુ હતું. સૌએ ઉત્સુકતાથી કાર્યક્રમ માણીને દેશને સ્વાતંત્રતાને હૃદયથી યાદ કરી હતી. ખૂબ જ ઉત્સાહનાં વાતાવરણમાં કાર્યક્રમ સંપન્ન થયો હતો. સંસ્થાનાં કો-ઓર્ડિનેટર સાવલીયા, તમામ મહેમાનો, મીડિયાકર્મીઓ, વાલીઓનો આભાર વ્યકત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સુચારું સંચાલન મયુરભાઈ જોષીએ કર્યું હતું.

# ચલાલાનાં સંત શાંતિરામબાપુનું નિધન થતાં ભકતો શોકાતુર











ચલાલાજેની જન્મભૂમિ હતી અને જેસર તાલુકાનું કદમગીરી, જુના મોરસુપણા પંથક જેની કર્મભૂમિ હતી. એવા મહાન સંત શિરોમણી શાંતિરામબાપુનું હજજારો સેવકગણ અને ભાવીકભકતજનોની ઉપસ્થિતિમાં તા. ૧૩/૮/૨૦૨૩નાં ચલાલા તેમનાં નિવાસસ્થાને નિધન થતાં હજજારો ભાવીકભકતજનો અને સેવકગણ સહિત તેમજની જન્મભૂમિ એવા ચલાલા અને તેમની કર્મભૂમિ એવા જુના મોરસુપણા, શેવડીવદર, કદમગીરી, સતાનાનેસ, ભંડારીયા સહિતનાં ગામોનાં લોકો શોકમગ્ન બની ગયા હતા અને મહાન સંતની વિદાયનું દુઃખ વ્યકત કર્યુ હતું. તા. ૧૩/૮ નાં નિધન થતાં સંતશ્રી શાંતીરામબાપુની પ્રથમ ચલાલા મહાદેવપરા વિસ્તારમાં પાલખી યાત્રા કરી હતી. અને જેઓ વર્ષો પહેલા રામજી મંદિરનાં પુજારી હતા. ત્યાં પાલખીયાત્રાને લઈ જવામાં આવી હતી. ત્યારબાદ તા.૧૪/૮નાં સંત શીરોમણી પૂજય શાંતીરામબાપુનાં ભજન, ભોજન સહિતનાં ધર્મકાર્યથી જે તપોભૂમિ બનેલ છે. તેવા જુના મોરસુપણા, શેવડીવદર, કદમગીરી, સતાનાનેસ, ભંડારીયા સહિતનાં પંથકમાં પાલખીયાત્રા ભાવિકભકતજનોનાં દર્શનાર્થે ફરી હજજારો ભાવીકભકતજનો સંતો–મહંતોની ઉપસ્થિતિમાં અશ્રુભીની આંખોએ કદમગીરી વચલી મઢી આશ્રમે પૂ. બાપુને સમાધી આપવામાં આવી હતી. પૂ. સંત શીરોમણી શાંતીરામબાપુ વર્ષો પહેલા ચલાલા મહાદેવપરા વિસ્તારમાં આવેલ રામજી મંદીર આ પુજારી તરીકે ભગવાનની સેવા ચાકરી કરતા હતાં. આજે આ મંદીરમાં તેઓનાં દિકરા ભાવેશબાપુ પુજારી તરીકે સેવા આપે છે. પુજય શાંતીરામબાપુ સંસારી હતા પણ તેઓએ કયારેય તેમનાં પરિવારની ચિંતા કરી નહોતી. તેઓ તેની મસ્તીમાં રહી ચલાલા પંથકમાં નદી, નાળા, વોકળામાં પગ પાળા ચાલી ગમે ત્યાં બેસી જઈ રાત્રી રોકાણ કરી માત્ર ભગવાનનું ભજન કરતા અને લોકોને કરાવતા. તેઓને કોઈ ભકતજનો જમાડતા તો જમતા નહી તો વર્ષો સુધી ભુખ્યા પેટે ભજન કરતા ચલાલા પંથકનાં લોકો તેને ગાંડપણ સમજતા અને અમુક લોકો તેને ધિક્કારીને પાણાનાં ઘા પણ કરતા ત્યારબાદ વર્ષોથી તેઓ જેસર તાલુકાનાં જુના મોરસુપણા, શેઢીવદર, કદમગીરી, સતાનાનેશ, ભંડારીયા સહિતનાં ગામોમાં કર્મભૂમિ બનાવી ત્યાં ગૌ સેવા ભજન અને ભોજન સહિત ધાર્મિક કાર્યક્રમો અવિરતપણે ચાલુ રહેતા બાપુનો મોટો ચાહકવર્ગ ઉભો થતાં મોરસુપણા વચલી મઢીએ આશ્રમ બનાવવામાં આવ્યો અને અહી

ગૌસેવા, ભજન, સંતવાણી, ભોજન, નવરાત્રી મહોત્સવ, યજ્ઞ, હવન, રામનવમી, ગોકુળ આઠમ, રામકથા, રામામંડળ, અષાઢીબીજ જેવા અનેક ધાર્મિક કાર્યક્રમો અવિરત ચાલુ થતાં પૂજય શાંતીરામબાપુની આ કર્મભૂમિ તપોભૂમિ બની ગઈ હતી. પૂ. શાંતીરામબાપુનું નિધન થતાં તેની કર્મભૂમિ એવા ચલાલામાં તા.૧૭/૮/૨૦૨૩ ગુરૂવારનાં તેમના પુત્ર ભાવેશબાપુનાં મહાદેવપરા, ચલાલાનાં નિવાસસ્થાને સવારનાં ૮ થી સાંજનાં ૫ કલાક સુધી બેસણું રાખવામાં આવેલ છે. તેમજ તા. ૧૮/૮/૨૦૨૩ શુક્રવાર બપોરનાં ૧૧ કલાકે પૂ. બાપુની કર્મ અને તપોભૂમિ કદમગીરી આશ્રમે વચલી મઢીએ તિરથ ભોજન, અને રાત્રીનાં ૯ કલાકે સંતવાણી અને ભજનનો કાર્યક્રમ રાખેલ છે. સંત શ્રી શાંતિરામબાપુની અંત સુધી સેવા અને પૂ. બાપુનાં તમામ સેવાકાર્યો તેમના પરમ ભકત દિપભાઈ કદમગીરીવાળા અને ભાવેશભાઈ ઠુમ્મર અને ભકતમિત્રોએ ખૂબ જ આદરપૂર્વક કર્યા હતા. તેમ પ્રકાશભાઈ કારીયાએ જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## જાફરાબાદ ખાતે જિલ્લા કક્ષાનાં ૭૭માં

હતી. જાફરાબાદ સ્થિત પારેખ એન્ડ મહેતા હાઈસ્કુલના મેદાનમાં યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા કલેકટરે ધ્વજવંદન કર્યુ હતુ. મત્સ્ય સંપદા ધરાવતી ખમીરવંતી પ્રજાની ભૂમિ જાફરાબાદની ધરતી પરથી જિલ્લા કલેકટરે નાગરિકોને સ્વાતંત્ર્યદિનની શુભેચ્છાઓ પાઠવી હતી.

જિલ્લાનો પ્રગતિ અહેવાલ રજૂ કરતા જિલ્લા કલેકટરે પ્રેરક ઉદ્‌બોધનમાં વિવિધ કચેરીઓ દ્વારા કરવામાં આવેલી કામગીરીની વિગતો આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, દેશના વીર સપૂતોના સ્વપ્નનું ભારત આકાર લઈ રહ્યું છે, તેનું સૌને ગૌરવ છે. આઝાદીની આહલેકમાં ગુજરાતની ભૂમિનું અદકેરૂં પ્રદાન રહ્યું છે. મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, વીર સાવરકર, શ્યામજી કૃષ્ણ વર્મા જેવા અનેક સ્વાતંત્ર્ય વીરોએ રાષ્ટ્રની આઝાદી માટે સંઘર્ષ કર્યો છે ત્યારે આ વીરોના યોગદાનને ગૌરવ પૂર્વક યાદ કરીએ. રાજય સરકારના પ્રજાલક્ષી અભિગમને કારણે ગ્રામજનો, શહેરીજનો, ગરીબો, આદિવાસીઓ, વંચિતો, ખેડૂતો, મહિલાઓ અને યુવાનો સૌ કોઈને વિવિધ યોજનાકીય લાભ આપવામાં આવી રહ્યા છે. આઝાદીના અમૃત મહોત્સવની વેળાએ દેશના પ્રત્યેક પરિવારો 'મારી માટી મારો દેશ' અને 'હર ઘર તિરંગા' અભિયાન જેવાં રાષ્ટ્રભકિતના કાર્યક્રમોમાં સ્વંયભૂ સામેલ થયા છે.

તેમણે ઉમેર્યુ હતુ કે, દેશમાં શાંતિ, સલામતી અને સ્થિરતા થકી ગુજરાત રાજય એ વિકાસગાથાને નવા આયામો સુધી પહોંચાડી છે. રાજય સરકારના સંવેદનશીલતા, પારદર્શિતા, પ્રગતિશીલતા અને નિર્ણાયકતાના મહત્વપૂર્ણ આધારસ્તંભ પર ગુજરાતે સાતત્યપૂર્ણ અને સર્વસમાવેશક વિકાસ સાધ્યો છે. શાંત, સલામત અને સર્વસ્પર્શી વિકાસને સાર્થક કરી યુવાઓ, મહિલાઓ, ખેડૂતો, ઉદ્યોગો તમામને લક્ષ્યમાં રાખી અનેકવિધ કાર્યક્રમોનો અમલ પણ રાજયમાં થયો છે.

કાર્યક્રમના પ્રારંભે ધ્વજવંદન બાદ જિલ્લા પોલીસ દ્વારા હર્ષ ધ્વનિ અને દેશભકિતના ગીતોની ધૂન સંગીતની સૂરાવલીઓ પર વગાડી હતી. જિલ્લા કલેકટરે વિદ્યાર્થીઓ અને નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું. કાર્યક્રમમાં રાજુલા–જાફરાબાદના ધારાસભ્ય, જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ વડા સહિતના મહાનુભાવોએ બાબરાના રહીશ સ્વાતંત્ર્ય સેનાની ઉમંગરાય છાટબારનુંસન્માન કર્યુહતુ. વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા દેશભકિતની થીમ આધારિત વિશેષ કલાકૃતિઓ રજૂ કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત સાંસ્કૃત્તિક કૃત્તિઓ અને યોગ નિદર્શન કરનાર વિદ્યાર્થીઓને મહાનુભાવો દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જિલ્લામાં વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર અધિકારી– કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ચૂંટણીમાં શ્રેષ્ઠ કામગીરી બજાવનાર બી.એલ.ઓ.ને તેમની ચૂંટણીલક્ષી ફરજ માટે સન્માનિત કરવામાં આવ્યા હતાં. શાળાના પરિસરમાં આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગ, આઈ.સી.ડી.એસ. જળસંપત્તિ વિભાગ, વનવિભાગની કામગીરીની લગતું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. મહાનુભાવોએ શાળાના પરિસરમાં વૃક્ષારોપણ કર્યુ હતું. આ કાર્યક્રમમાં રાજુલા અને જાફરાબાદ વિસ્તારના ધારાસભ્ય, જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, જિલ્લા પોલીસ વડા હિમકરસિંઘ, રાજુલા પ્રાંત અધિકારી વાળા અને જિલ્લાની વિવિધ કચેરીઓના અધિકારીઓ તેમજ કર્મયોગીઓ, શાળા અને કાલેજના વિદ્યાર્થી–વિદ્યાર્થીનિઓ ઉપરાંત જાફરબાદના નગરજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રકાશ જોષીએ કર્યુ હતુ.

પાના ૧ ઉપરનું ચાલું

## પવિત્ર શ્રાવણ માસને લઈને

વિવિધ દ્રવ્યોથી અભિષેક કરી મહાદેવને રીઝવવાનો પ્રયાસ કરવામાં આવશે.

બાબરા શહેરમાં આવેલ શ્રી નીલકંઠ મહાદેવ, શ્રી અજબેશ્વર મહાદેવ, શ્રી ભીમનાથ મહાદેવ, શ્રી પંચનાથ મહાદેવ, શ્રી સોનપરી મહાદેવ, શ્રી તાપડેશ્વર મહાદેવ તેમજ તાલુકામાં આવેલ શ્રી અર્જુનેશ્વર મહાદેવ, કરણેશ્વર મહાદેવ, ગંગનાથ મહાદેવ, શ્રી હામનાથ મહાદેવ સહિતનાં વિશ મંદિરોમાં મોટી સંખ્યામાં ભાવિકોની ભારી ભીડ જામશે. શિવ મંદિર રોશનીથી જળ જળી ઉઠશે અને બપોરે તેમજ તેમજ સાંજે મહાઆરતી અને મહાપૂજા સહિત બ્રહ્ચોરાસીનું ભવ્ય આયોજન કરવામાં આવશે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

પાના ૮ ઉપરનું ચાલું

## બગસરાનાં જુના વાઘણીયા ગામે

રોજ સાંજના ચારેક વાગ્યે સૂર્યપ્રતાપગઢ (અનિડા) ગામે તેમનાં બનેવીનાં ઘરે ખબર અંતર પૂછવા પોતાનાં પરિવાર સાથે ઘર બંધ કરીને ગયેલ તા. ૧૪ નાં રોજ પરત આવેલા તે સમય દરમિયાનનાં કોઈપણ સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમે આ ખેડૂતનાં રહેણાંક મકાનનાં મેઈન ડેલાનું તાળું તોડી મકાનમાં પ્રવેશ કરી ખેડૂતનાં ઘરમાં રૂમનાં કબાટમાં રહેલ મારા રોકડા રૂા.૭૦,૦૦૦/– તથા તેમનાં પત્નિ શોભનાબેનનાં ઘરેણાં જેમાં એક સોનાનું મંગળસુત્ર જે આશરે ૬ તોલાનું જેની કિંમત રૂપિયા ૨,૧૦,૦૦૦, સોનાની કડલી આશરે ૩ તોલાનું જેની કિંમત રૂપિયા ૨૪,૦૦૦, સોનાની વીંટી જેની કિંમત રૂપિયા ૭૦૦૦ તથા બે જોડી ચાંદીની ઝાંઝરી જેની આશરે કિંમત રૂપિયા ૪૫૦૦ તથા ખેડૂતની દીકરી માહીનાં ચાંદીનાં સાંકળાની જોડી આશરે કિ.રૂા.૮૦૦૦ તથા દીકરા દેવાંશનાં કમરે બાંધવાનો ચાંદીનો કંદોરો આશરે ૨૫૦ ગ્રામ જેની કિંમત રૂપિયા ૧૨,૦૦૦ મળી કુલ રૂપિયા ૩,૩૫,૫૦૦ મુદ્દામાલની કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ બગસરા પોલીસમાં નોંધાતા પોલીસે ચોરીનો ભેદ ઉકેલવા તપાસ હાથ ધરી છે. ઉપરાંત તે જ ગામે રહેતા હિંમતભાઈ પોપટભાઈ ગેવરીયા તેમજ અન્ય મકાનનાં તાળા તૂટેલ હોવાનું જાણવા મળેલ છે.

સંકુલ ધો. ૧૧–૧૨ આર્ટસ કોમર્સ સાયંસ પ્રવેશ ચાલુ
★ધો.૧૧–૧૨ આર્ટસ – મનોવિજ્ઞાન–સમાજશાસ્ત્ર–અર્થશાસ્ત્ર–રાજ્યશાસ્ત્ર
★ધો.૧૧–૧૨ આર્ટસ – મનોવિજ્ઞાન–ઈતિહાસ–ભુગોળ–રાજયશાસ્ત્ર
★ધો.૧૧–૧૨ કોમર્સ ગુજરાતી મીડીયમ & થ્રુ આઉટ ઈંગ્લીશ મીડીયમ
★ધો.૧૧–૧૨ સાયંસ ગુજરાતી મીડીયમ & થ્રુ આઉટ ઈંગ્લીશ મીડીયમ
★ વાર્ષિક ફીઝ GM આર્ટસ ૭૮૦૦ – કોમર્સ ૮૬૦૦ – સાયંસ ૨૪૪૦૦
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સ્થળઃ- શ્રીમતિ શાંતાબેન
[illegible] Ad 059

પાના ૮ ઉપરનું ચાલું

## પરિણીતાને પતિનો માનસિક

હિમકરસિંહને પોતાની વ્યથા જણાવવા માટે મળવા ગયા અને તે માત્ર ન્યાય મેળવવા માંગતા હતા. જેથી તેમને શાંતિપૂર્વક સાંભળી અને આ બેનને આસન આપી અને મહિલાને કાઉન્સેલિંગ માટે મહિલા પોલીસ સ્ટેશનમાં ચાલતા પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટરમાં મોકલવામાં આવ્યા અને સાંત્વના આપી કહેલ કે આપની પુરી મદદ કરવામાં આવશે. જેથી આ મહિલા પોતાની એક જાતે લખેલી અરજી સાથે કાઉન્સેલર પારૂલબેન મહિડા પાસે સેન્ટરમાં આવ્યા અને તેમને પોતાની ઉપર વિતેલ ત્રાસ અંગેની વિગત જણાવી જેમાં આ બેનના લગ્ન ૧૨ વર્ષ પહેલાં થયેલા અને બે દીકરા જેમાં એક દીકરો મુક–બધિર છે.

આ બેનના પતિ કામધંધો કરતા નહીં અને આ બેન કામ કરવા જાય તો શંકા–કુશંકા કરતા અને મારઝૂડ કરી લેતા હતાં. જેથી આ બેન પોતાના પતિના ત્રાસથી કંટાળી અને તેના બંને બાળકો સાથે છેલ્લા એક–દોઢ વર્ષથી તેના પતિના ઘરના ફળિયામાં બનેલ એક નાની ઓરડીમાં જુદા થઈ ગયા અને પોતાની રીતે એક કંપનીમાં કામે લાગી ગયા અને એના મુક–બધિર બાળકને તેનો વિકાસ થાય માટે ભણવા માટે મૂંગા–બહેરા શાળામાં અભ્યાસ માટે મોકલી દીધેલ અને નાના દીકરા સાથે રાખેલ અને આમ એક–દોઢ વર્ષથી બેન તેના પતિથી અલગ રહી પોતાનું ગુજરાન ચલાવતા હતાં. પણ ચોમાસાની સિઝન આવતા એ ઓરડી જર્જરિત હોવાથી પાણી ટપકતું એટલે આ બેનને રહેવાની તકલીફ ઊભી થઈ એટલે ઓરડીનું રીનોવેશન કરવાનું વિચારી અને જી.સી.બી. બોલાવેલ પણ બેનના પતિ અને સાસુએ જી.સી.બી.વાળાને ગાળો આપી અને ઓરડી બનાવવા દીધી નહિ અને મારી નાખવાની ધમકી પણ આપી દીધી હતી. જેથી આ બેન અમરેલી જિલ્લાના એસ.પી. પાસે મદદ માટે આવ્યા હતાં અને બાદ સેન્ટરમાં કાઉન્સેલર પારૂલબેન મહિડાના સહકાર અને મદદથી બેનના પતિ, સાસરિયાઓ સમજયા અને તેમને ઓરડી બનાવવાની મંજૂરી આપી. બાદ અવાર નવાર કાઉન્સેલિંગ માટે બંને પતિ–પત્નીને બોલાવ્યા અને સમાજના વડીલોને પણ બોલાવ્યા. આમ બધાને સમજાવતા હાલ બંને પતિ–પત્ની વચ્ચે સુખદ સમાધાન થયું અને હવે બેન દોઢ વર્ષે તેના પતિ સાથે રાજીખુશીથી રહેવા લાગ્યા છે. તેના પતિ હવે ઘરમાં કમાઈને આપે છે બંને બાળકો અને પત્નીને સારી રીતે સાચવે છે. હાલ બેન ખૂબ ખુશ છે અને કાઉન્સેલર પારૂલબેન મહિડાનો આભાર માન્યો હતો.

આમ, સામાજિક રૂઢિઓ સામે લડતી મહિલાને એસ.પી. અને કાઉન્સેલરની મદદથી મહિલાને ન્યાય અપાવવામાં અને સમાજમાં પુનઃસ્થાપન કરવામાં સફળતા મળેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## જાફરાબાદ રેન્જનાં નાગેશ્રી વિસ્તારમાંથી

હાલતમાં મૃતદેહ મળી આવતા વન વિભાગનો સ્થાનિક સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો હતો અને આસપાસનાં વિસ્તારમાં સ્કેનિંગ હાથ ધર્યુ હતું. ઉલ્લેખનીય છે કે આ જ વિસ્તારમાંથી અગાઉ ત્રણથી ચાર માસનાં સિંહબાળનો બીમારીનાં કારણે મૃતદેહ મળી આવ્યો હતો. ત્યારે શેત્રુંજી ડિવિઝનનાં ઈન્ચાર્જ એસીએફ વાઘેલાએ જણાવ્યું હતું કે નાગેશ્રી વિસ્તારમાંથી ત્રણથી ચાર માસનાં દીપડાનાં બચ્ચાનો મૃતદેહ મળી આવ્યો છે અને દીપડાનાં બચ્ચાનાં મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો છે ત્યારે જાફરાબાદ તેમજ આસપાસનાં વિસ્તારોનાં સ્થાનિક સિંહ અને પર્યાવરણ પ્રેમીઓમાં નાગેશ્રી પાસેથી મળી આવેલા મૃતદેહ દીપડાનાં બચ્ચાનો નહી અને સિંહનાં બચ્ચાનો હોવાની ભારે ચર્ચાઓ જાગી હતી. જો કે વન વિભાગે દીપડાનાં બચ્ચાનો મૃતદેહ હોવાની પુષ્ટિ આપી હતી.

પાના ૧ ઉપરનું ચાલું

## જાફરાબાદનાં મોટા માણસા ગામનાં

જાફરાબાદ તાલુકામાં આવેલા મોટા માણસા ગામમાં રહેતા અતુલ ભીખુભાઈ વાળા (ઉ.વ. ૧૪) તથા મિત હસમુખભાઈ માલાણી (ઉ. ૧૩) નામના બે બાળકો સવારના સમયે ગામના ગોંવિદ સાગર નામના તળાવમાં ન્હાવા પડયા હતા. આ બાળકો ન્હાતા–ન્હાતા ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જોકે ડૂબતા સમયે બાળકોએ મદદ માટે બૂમા બૂમ કરી હતી, પરંતુ તળાવ પાસે કોઈ હાજર ન હોવાથી સમયસર મદદ મળી શકી ન હતી. જેને લઈ બંને બાળકો તળાવના ઉંડા પાણીમાં ડૂબી જવાથી મૃત્યુ થયું હતું. ઘટનાની જાણ ત્યાંથી પસાર થઈ રહેલા ગામવાસીએ મૃતકના પરિવાને કરતા તેઓ તાત્કલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તળાવમાંથી બાળકના તરી રહેલા મૃતદેહને સ્થાનિકોએ બહાર કાઢયા હતા. ઘટનામાં બંને બાળકોના મૃત્યુ થતાં પરિવાર પર શોકનું મોજું ફરી વળ્યું હતું. મૃતક બંને બાળકો ખાસ મિત્ર હોવાનું સામે આવ્યું છે.

આ ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા સ્થાનિક પોલીસની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસે બાળકોને તરવૈયાઓની મદદથી બહાર કાઢી ૧૦૮ની મદદથી ઉનાની ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડાતા ફરજ પરના તબીબે બંને બાળકોને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનાથી સમગ્ર ગામમાં શોકની લાગણી જન્મી છે. સ્થાનિક પોલીસે અકસ્માત મોત અંગેનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા :** અનીરૂધ્ધભાઈ વિષ્ણુભાઈ નિરંજની (ઉ.વ. આ. ૫૦) તે વિષ્ણુભાઈ પુરણદાસ નિરંજનીના પુત્ર તથા મહાવીર (મીન્ટુભાઈ) અનીરૂધ્પ્રધભાઈ નિરંજનીનાં પિતાશ્રી તેમજ નિકુંજકુમારનાં સસરાનું તા. ૧૪/૮/૨૦૨૩ ના રોજ અવસાન થયેલ હોય. સદગતનું બેસણું તા. ૧૭/૮/૨૦૨૩ ગુરૂવારના રોજ સાંજના ૪ થી ૬ કલાકે તેમના નિવાસ સ્થાન પંચવટી સોસાયટી, મહુવા રોડ, સાવરકુંડલા મુકામે રાખેલ છે.

**ચલાલા :** ચલાલા જેની જન્મભૂમિ અને જુના મોરયુપણા, શેવડીવદરા, કદમગીરી, સાતાનાનેશ, ભંડારીયા સહિતનાં પંથક જેની તપોભૂમિ અને કર્મભૂમિ એવા વંદનીય સંત શિરોમણી પૂજય શાંતિરામબાપુનું ચલાલા તા. ૧૩/૮/૨૩નાં દુઃખદ નિધન થયેલ છે. સદગત શાંતિરામબાપુનું બેસણું આજ તા. ૧૭/૮/૨૩ને ગુરૂવારનાં તેમના પુત્ર ભાવેશબાપુ દેશાણીનાં નિવાસ સ્થાન મહાદેવપરા ચલાલા સવારનાં ૮થી સાંજના ૫ સુધી રાખેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ૨ | તલ સફેદ | ૩૦૨૦ | ૩૩૨૧ |
| ૩ | તલ કાળા | ૨૮૦૦ | ૩૨૦૦ |
| ૪ | જીરૂ | ૧૦૦૦૦ | ૧૧૨૫૦ |
| ૫ | કપાસ | ૧૦૭૫ | ૧૬૩૧ |
| ૬ | ઘઉં લોકવન | ૩૫૧ | ૫૧૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૩૧ |
| ૮ | બાજરો | ૩૫૦ | ૪૩૧ |
| ૯ | જુવાર | ૭૫૦ | ૯૦૧ |
| ૧૦ | મગ | ૧૪૦૦ | ૧૭૦૧ |
| ૧૧ | અજમા | – | ૩૦૦૧ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૧૩૧ |
| ૧૩ | એરંડી | – | ૧૦૭૧ |
| ૧૪ | મેથી | – | ૧૧૬૧ |
| ૧૫ | સોયાબીન | ૮૦૦ | ૯૩૧ |

## જાહેર નોટિસ

તા.૧૬/૦૮/૨૦૨૩

આથી અમો નીચે સહી કરનાર ઉપેન્દ્રભાઈ કે. બોરીસાગર બી.એ.એલ.એલ.બી. એડવોકેટ (ગુજરાત હાઈકોટી) રહે. ખાંભા, તાલુકો : ખાંભા, જી. અમરેલી. તે આથી મારા અસીલશ્રી સગીર વિશ્વાબેન જીલુભાઈ પટાટ તે સગીરના કુદરતી વાલી તથા ઈષ્ટમિત્ર દરજજે અને પોતે એવા શ્રી સુમલબેન જીલુભાઈ પટાટ, રહે. હીડોરણા, તા. રાજુલા, જી. અમરેલી. (હાલ. જામકા, તા. ખાંભા) વાળાની સ્પષ્ટ સુચના અનુસાર આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરવાની કે,

(૧) ગુજરાત રાજયનાં અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મોજે ગામ : હીંડોરણાના સર્વે નં. ૧૬૧ પૈકી ૧/૧ ની હે.આરે.ચો. ૪–૫૬–૬૩ ની તથા સર્વે નં.૨૫૨ની હે.આરે.ચો. ૧–૦૫–૨૨ ખેતીની જમીન ખાતા નં. ૫૯૭ થી શ્રી જીલુભાઈ રાણીંગભાઈ પટાટનાં નામે નોંધાયેલ છે, મારા અસીલશ્રી સગીર વિશ્વા જીલુભાઈ પટાટનાં પુત્રી થાય છે અને સુમલબેન તેમના પત્નિ થાય છે, આ જમીનમાં મારા અસીલશ્રીઓનો વડીલોપાર્જીત હકક, હિત, હિસ્સો સમાયેલો છે, મારા અસીલશ્રીને આ હકક, હિત, હિસ્સો આપવા ન પડે તે હેતુસર જીલુભાઈ રાણીંગભાઈ પટાટ તેમના નામે સદરહું જમીનનું રેવન્યુ રેકર્ડ નોંધાયેલ હોય, તેનો ગેરલાભ લઈ ઉપરોકત વિગતવાળી બંને સર્વે નંબરની જમીન વેચાણથી આપવાની તજવીજ કરી રહયા છે, અથવા તો આ મિલકત ઉપર કરજ, બોજો કરવાની તજવીજ કરી રહયા છે, જે કરવાનો તેમને કોઈ સ્વતંત્ર હકક, સત્તા કે અધિકાર નથી અને તેથી આ મિલકતમાં મારા અસીલશ્રીનો હકક, હિત, હિસ્સો સમાયેલો હોય, તેમની આ મિલકતના રક્ષણાર્થે મારા અસીલશ્રીઓને હાલની આ જાહેર નોટિસ આપવાની ફરજ પડેલ છે.

**(૨) સબબ આ જાહેર નોટિસ આપી આથી જાહેર જનતાને જાણ કરવાની કે,**

(૧) ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મોજે ગામ : હીંડોરણાના સર્વે નં. ૧૬૧ પૈકી ૧/૧ ની હે.આરે.ચો. ૪–૫૬–૬૩ ની તથા સર્વે નં. ૨૫૨ ની હે.આરે. ચો. ૧–૦૫–૨૨ ખેતીની જમીન ખાતા નં. ૫૯૭ થી શ્રી જીલુભાઈ રાણીંગભાઈ પટાટના નામે નોંધાયેલ મિલકતમાં મારા અસીલનો વડીલોપાર્જીત હકક, હિત, હિસ્સો સમાયેલો હોય, તથા તેમની સાથે ઉપરોકત જમની બાબતે કોઈપણ વ્યકિત, પેઢી કે સંસ્થાએ કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં, અને તેમ છતાં પણ કોઈ વ્યકિત, પેઢી કે સંસ્થા દ્વારા ઉપરોકત વિગતવાળા સર્વે નંબરવાળી જમીન સબંધે તેમની સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરશે તો મારા અસીલશ્રીને તે વ્યવહાર કબુલ, મંજુર કે બંધનકર્તા રહેશે નહીં, અને આવો વ્યવહાર કરનાર વ્યકિત, પેઢી કે સંસ્થા સામે મારા અસીલશ્રીને ના છુટકે કાનુની રાહે કાર્યવાહી કરવાની ફરજ પડશે, અને તેવા પ્રસંગે મારા અસીલશ્રીને થતા તમામ ખર્ચ અને પરિણામની સંપૂર્ણ જવાબદારી વ્યવહાર કરનારના શીરે રહેશે, જેની જાહેર જનતાએ આથી ગર્ભીત નોંધ લેવી.

સ્થળ : ખાંભા
તારીખ : ૧૬/૦૮/૨૦૨૩

**ઉપેન્દ્ર કે. બોરીસાગર**
એડવોકેટ–ખાંભા
મો. ૯૪૨૬૪ ૫૭૪૯૨

## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર **શ્રી વિમલ પી. પોપટ (એડવોકેટ)** અમરેલીના તે અમારા અસીલ **ચંદ્રીકાબેન રાહુલભાઈ દાફડા**, રહે. મુ. સણોસરા, તા. અમરેલી, જિ. અમરેલી વાળાની મળેલ સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટિસ આપી જણાવવાનું થાય છે કે,

અમારા અસીલ કે જેઓ **અમરેલી** જિલ્લાના **અમરેલી** તાલુકાના **સણોસરા** ગામે રહે છે અને તેઓના અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના અમરેલી ગામે **રે.સર્વે નં. ૩૫ પૈકી, પ્લોટ નં. ૭૭ પૈકી ૨ જેનું કુલ ક્ષેત્રફળ ૮૪–૦૦ ચો.મી.** વાળી રહેણાંકની મિલ્કત નયનાબેન જુગલકીશોર કુબાવત વિગેરેના પાસેથી ખરીદ કરવા ઈચ્છે છે. આ મિલ્કત નયનાબેન જુગલકીશોર કુબાવતના એ રજી. દસ્તાવેજ નં. ૨૧૦, તા. ૨૧/૦૧/૨૦૧૩ થી સબ રજીસ્ટ્રાર અમરેલી મુકામે નોંધાવી કંચનબેન ચંદુભાઈ બારૈયા પાસેથી ખરીદ કરેલ હતી. તેમજ તેઓએ આ મિલ્કત ઉપરોકત દસ્તાવેજ નં. ૬૫૭, તા.૦૬/૦૩/૨૦૧૨ થી અશોકભાઈ વ્રજલાલ ઢોલરીયા પાસેથી ખરીદ કરેલ પરંતુ આ અશોકભાઈ વ્રજલાલ ઢોલરીયાના એ આ મિલ્કત ઉતરોતર રજી. દસ્તાવેજ નં. ૩૨૭૧, તા. ૧૨ /૦૭/૨૦૨૧૧ ના રોજ રસીલાબેન રણછોડભાઈ પાસેથી ખરીદ કરેલ હતી. **એ દસ્તાવેજ નં. ૩૨૭૧, તા. ૧૨/૦૭/૨૦૧૧** નો અસલપ્રત અમારા અસીલ કે તેઓને મિલ્કત વેચનાર પાસે હાલ ઉપલબ્ધ ન હોય જે અંગેની જાણ પોલીસ સ્ટેશનમાં કરેલ છે. આમ ઉપરોકત વિગત વર્ણનવાળુ મકાન જેના ઉપરોકત દસ્તાવેજ અમોના અસીલ પાસેથી હાલ મળી આવેલ નથી. આ દસ્તાવેજો કોઈના કબજા હેઠળ રહેલો હોય અગર તો આ દસ્તાવેજનો આધાર રાખી કોઈ ત્રાહીત ઈસમે વ્યકિત, સંસ્થા કે મંડળી અગર તો બેંકે તેના ઉપર તારણ ઉપસ્થિત કરેલ હોય અગર તો આ મિલ્કત પરત્વે કોઈપણ ઈસમને કંઈપણ પ્રકારનો લાગભાગ–હકક–હિત કે હિસ્સો ધરાવતા હોય અગર તો આ મિલકત ઉપર તારણ ઉપસ્થિત કરવા સંબંધે કોઈપણ ઈસમને વાંધો, તકરાર કે વચકો રહેલો હોય તો તેઓએ દિન–૭ માં નીચેના સરનામે લેખીતમાં જણાવશો અન્યથા આ મિલકત સંપૂર્ણ ટાઈટલ કલીયર કબજા ભોગવટા સાથેની હોવાની માની અમારા અસીલ આ મિલ્કત સંબંધેનો આગળનો વ્યવહાર કરશે અને કોઈનો વાંધો તકરાર કે હરકત રહેલ નથી તેમ માની અગર તો તેઓએ વેવ કરેલ છે તેમ માની આગળની કાર્યવાહી કરશે જેથી આ નોટિસ પ્રસિધ્ધ થયાના મુદત સમય બાદ કોઈપણ ઈસમનો વાંધો, તકરાર કે હરકત ગ્રાહય રાખવામાં આવશે નહીં તેની જાહેર જનતાએ નોંધ લેવી.

સેવાસદન થી સીવીલ હોસ્પિટલ રોડ, જિલ્લા પંચાયત ઓફીસ પાછળ, અમરેલી–૩૬૫૬૦૧

**વિમલ પી. પોપટ**
એડવોકેટ
મો.નં. ૯૪૨૮૭ ૯૩૪૨૦

# આ કળીયુગમાં ‘શ્રવણ’નાં સાક્ષાત દર્શન કરાવતા.....

# કૃષ્ણકુમાર, સ્કુટર પર માતાને ૭૫૦૦૦ કિમી ભારત દર્શન કરાવ્યાં



આજે એક એવા દીકરા વિશે વાત કરવી છે કે સાદી ભાષામાં કહીએ તો દીવો લઈને શોધવા જાઓ તો પણ આવો દીકરો ન મળે, કારણ કે કળિયુગમાં શ્રવણ મળવો તો દૂરની વાત પણ એમની જેવાં વિચારો ધરાવતા યુવાનો પણ નથી રહ્યાં. ત્યારે આજે જે દીકરા વિશે વાત કરવી છે એમણે પોતાની જનની માટે આ જગતમાં બીજું કંઈ નથી જોયું. નોકરી મૂકી દીધી અને છોકરી પણ નથી જોઈતી.
નથી એમને સંસારમાં કોઈ બીજો મોહ.

આ વાત છે દક્ષિણામુર્તિ કૃષ્ણકુમારની કે જેણે પોતાની માતાને ભારત દર્શન સ્કુટર પર કરાવ્યું છે. ૨૦૧૮ થી તેઓ સ્કુટર પણ ભારતનાં તીર્થયાત્રા છે અને અત્યાર સુધીમાં લગભગ ૭૫૦૦૦ કિલોમીટરનો પ્રવાસ ખેડી ચૂકયાં છે. કર્ણાટકનાં મૈસુરનાં વ્યવસાય કમ્પ્યુટર અન્જિનિયર, ૪૪ વર્ષીય દક્ષિણામૂર્તિ કૃષ્ણકુમાર આવા જ એક સંતાન છે.

જેમણે પોતાની ૭૩ વર્ષીય માતાને તીર્થયાત્રા પર લઈ જવાની જવાબદારી લીધી છે. તેમના પિતાનાં ૨૫ વર્ષ જૂના સ્કૂટર પર તેમની યાત્રા ચાલુ છે. હાલમાં તેઓ અમદાવાદ અને સૌરાષ્ટ્રમાં અલગ અલગ જિલ્લામાં તીર્થ સ્થાનોનાં દર્શન કરાવી રહ્યાં છે.

કર્ણાટકનાં મૈસૂરનાં બોગાંડી ગામનાં રહેવાસી દક્ષિણામૂર્તિ કૃષ્ણકુમારની કહાની જ કંઈક છે. છેલ્લાં ૬ વર્ષથી તેઓ તેની માતા શ્રીમતી ચુડારત્નમાં સાથે જૂના સ્કૂટર પર ભારતની મુલાકાત અને તીર્થયાત્રાઓ પર જાય છે. આ સ્કૂટર સિવાય તેની પાસે એક તૂટેલી સ્ક્રીનવાળો મોબાઈલ, બે હેલ્મેટ, બે પાણીની બોટલ, એક છત્રી અને એક સામાન ભરેલું બેગ છે, જેમાં કેટલીક જરૂરી વસ્તુઓ રાખવામાં આવી છે. મા–દીકરાની સફરનાં સાથી માત્ર એક સ્કુટર છે.

હકીકતમાં, વર્ષ ૨૦૧૫ માં પિતાનાં મૃત્યુના એક દિવસ પછી, દક્ષિણામૂર્તિ કૃષ્ણકુમારની માતા ચુડારત્નામાએ તેમનાં પુત્રને કહ્યું હતું કે સંયુકત પરિવાર સાથે રહેવાની અને પરિવારને ઉછેરવાની વ્યસ્તતાને કારણે તેણે આજ સુધી ઘરની બહાર કોઈ જગ્યા જોઈ નથી. આ વાત સાંભળી કૃષ્ણકુમારને ખૂબ દૂખ થયું. તે જ દિવસે કૃષ્ણકુમાર માતાને સમગ્ર ભારતનાં પ્રવાસ અને તીર્થસ્થાનોની મુલાકાત લેવાનું નક્કી કર્યું. આ માટે કૃષ્ણકુમાર તેના પિતાનાં ૨૫ વર્ષ જૂના સ્કૂટરને પ્રવાસનો સાથી બનાવ્યો અને ૧૬ જાન્યુઆરી ૨૦૧૮ નાં રોજ તેની યાત્રા શરૂ કરી. દક્ષિણામૂર્તિ કૃષ્ણકુમાર ૨૫ વર્ષ જૂના આ સ્કૂટર પર પોતાની માતા સાથે અત્યાર સુધીમાં ૭૪ હજાર ૫૯૧ કિ.મી.ની મુસાફરી કરી છે. કૃષ્ણકુમાર તેમની આ યાત્રાને ‘‘માતૃ સેવા સંકલ્પ યાત્રા’’ નામ આપ્યું છે. આ પ્રવાસમાં તેઓ નેપાળ, ભૂતાન, મ્યાનમાર સહિત ભારતનાં મોટાભાગનાં રાજયોની મુલાકાત પણ લઈ ચૂકયાં છે અને હાલમાં સૌરાષ્ટ્ર પહોંચ્યા છે.

તેમની પાસે ન તો કોઈ નિશ્ચિત દયેય છે કે ન તો કોઈ રોકવાની જગ્યા. તેઓને કેટલું અંતર કાપવાનું છે તે પણ ખબર નથી. કૃષ્ણકુમાર કહે છે કે તેણે બસ ચાલતાં જ જવું છે, શકય તેટલાં તીર્થોનાં દર્શન કરવા છે. માતાને દેશ અને દુનિયાની મુલાકાત કરાવવી છે. કૃષ્ણકુમાર કહે છે કે નોકરી દરમિયાન એકઠી થયેલી મૂડી અને તેનાં વ્યાજથી જ તેમનો ખર્ચ પૂરો થાય છે. તે જયાં જાય છે ત્યાં ધાર્મિક મઠો અને મંદિરોમાં રહે છે. મોટા ભાગનાં સ્થળોએ તેમને મફત ભોજન મળે છે. અમદાવાદમાં પણ તેઓ અદ્વેત આશ્રમમાં જ રોકાયા હતા

**આલેખન : પ્રતાપભાઈ ખુમાણ–સા.કુંડલા**

અને હવે તેઓ દ્વારકા માટે રવાના થયાં છે.

કૃષ્ણ કુમારનાં જણાવ્યા અનુસાર, ૨૦૧૬ માં તે બંગ્લોરમાં એક બહુરાષ્ટ્રીય કંપનીમાં કોર્પોરેટ ટીમ લીડર તરીકે કામ કરતા હતાં. જો કે, જયારે તેને તેની માતાને પ્રવાસ પર લઈ જવાનો વિચાર આવ્યો ત્યારે તેણે નોકરી છોડી દીધી. કમ્પ્યૂટર અન્જિનિયર કૃષ્ણકુમારે લગ્ન પણ કર્યા નથી. તેણે જણાવ્યું કે તેના પિતા દક્ષિણામૂર્તિ વન વિભાગમાં કામ કરતાં હતાં. એમના સ્વર્ગવાસ પછી મે પણ લગ્ન
નથી કર્યા, કારણ કે અમને માત્ર માતાની જ સેવા કરવી છે. ૨૦૧૫માં પિતાનું નિધન થયું હતું. જે બાદ તે તેની માતાને બંગ્લોરમાં તેની પાસે લઈ આવ્યાં.

એક વખત સાંજે ઓફિસથી પરત આવીને જયારે માતા અને પુત્ર એકબીજા સાથે વાત કરી રહ્યા હતાં ત્યારે માતાએ કહ્યું કે તેણે ઘરની બહારની દુનિયા જોઈ નથી. આના પર તેને લાગ્યું કે જે માતાએ તેને આખી દુનિયા જોવા માટે સક્ષમ બનાવ્યો છે, જેણે ઘરનાં દરેક વ્યકિત પાછળ આખી જીંદગીખર્ચી નાંખી છે અને તે માતા આજ સુધી કંઈ જોઈ શકી નથી. અહીંથી જ તેમના જીવનની દિશા બદલાઈ ગઈ.

પોતાના પ્રવાસનાં અનુભવો શેર કરતાં કૃષ્ણકુમારે કહ્યું કે તે લોકડાઉન દરમિયાન તેની માતા સાથે મુસાફરી કરી રહ્યો હતો. જયારે અમે ભૂતાન બોર્ડર પર પહોંચ્યા ત્યારે એમને ખબર પડી કે સરહદો સીલ કરી દેવામાં આવી છે.

કોરોનાનાં એ જમાનામાં તેણે એક મહિનો અને ૨૨ દિવસ ભારત–ભૂતાન સરહદનાં જંગલોમાં વિતાવ્યા હતા. આ પછી, જયારે તેનો પાસ બની ગયો, ત્યારે તે એક અઠવાડિયામાં ૨૬૭૩ કિલોમીટર સ્કૂટર ચલાવીને પાછા મૈસૂર પહોંચ્યા. બધું સામાન્ય થઈ ગયા બાદ તેણે ૧૫ ઓગસ્ટ ૨૦૨૨થી ફરી યાત્રા શરૂ કરી છે.

આ યાત્રા પાછળની પ્રેરણા વિશે કૃષ્ણકુમાર કહે છે કે જયારે લોકો દુનિયામાંથી અંતિમ વિદાય લે છે. ત્યારે તેઓ મૃતકોનાં ફોટાને હાર પહેરાવીને, તેમને યાદ કરીને તેમની ઈચ્છાઓની વાત કરે છે. જયારે સબંધો લોકો જીવતા હોય ત્યારે તેની કાળજી લેવી જોઈએ. તેણે કહ્યું કે તે આ અફસોસ સાથે જીવવા માંગતો નથી. તેથી તેનાં પિતાનાં અવસાન પછી તેની માતાને એકલાં છોડી દેવાને બદલે, તેણે તેણીને દુનિયા બતાવવાનું નક્કી કર્યુ અને પ્રવાસ પર નીકળી પડયાં.

દક્ષિણામૂર્તિ કૃષ્ણકુમાર જણાવે છે કે પ્રખ્યાત ઉદ્યોગપતિ આનંદ મહિન્દ્રા તેમની માતાની ભકિત અને તેમની માતાને સ્કૂટર પ્રવાસ પર ભારત લઈ જવાની તેમની વાર્તાથી એટલા પ્રભાવિત થયા કે તેમણે તેમને એક કાર ભેટમાં આપી. જો કે, તે સાદું જીવન જીવવામાં માને છે, તેથી તે કારને બદલે સ્કૂટરથી મુસાફરી કરવાનું પસંદ કરે છે. આ સ્કૂટર એમનાં પિતાશ્રીએ ભેટમાં આપેલ હોવાથી કૃષ્ણકુમાર એવું જ સમજે છે કે આ પ્રવાસમાં માત્ર હું અને મારી માતા નથી પણ મારા પિતાજી પણ સાથે જ છે.

હાલમાં કૃષ્ણકુમાર ગુજરાતમાં છે અને દ્વારકા ખાતે દર્શન છે. તેઓ ગાંધીનગર અને અમદાવાદમાં પણ અલગ અલગ જગ્યાએ દર્શન કરી ચૂકયાં છે. દ્વારકા બાદ તેઓ સૌરાષ્ટ્રનાં અલગ અલગ સ્થળોએ અને મંદિરોમાં માતાજીને દર્શન કરવા લઈ જવાના છે. વૃદ્ધાશ્રમો વિશે તેમનું કહેવું છે કે આ વિચાર જ ખોટો છે. પ્રવાસ દરમિયાન કયારેય કોઈ રાજયમાં કે દેશમાં તેમને કોઈએ તકલીફ નથી આપી. કૃષ્ણકુમારનું કહેવું છે કે દરેક જગ્યાએ લોકોએ માત્ર અને માત્ર પ્રેમ જ આપ્યો છે.

પુત્ર પ્રવાસ દરમિયાન તેની માતાને સાથે લઈને દરરોજ સ્કૂટર પર ૧૦૦ થી ૧૫૦ કિલોમીટરનો પ્રવાસ કરે છે. મુસાફરી દરમિયાન, ખાવા–પીવાથી લઈને અંતર કાપવા સુધી, તેઓ માતાનાં સ્વાસ્થ્ય અને ઈચ્છાનું સંપૂર્ણ ધ્યાન રાખે છે. કૃષ્ણકુમારની માતા ચૂડારત્નમાં પણ સંપૂર્ણ રીતે ખુશ દેખાતાં હતાં. તે તેનાં પુત્રનાં સમર્પણથી સંપૂર્ણપણે અભિભૂત થઈ ગયાં હતાં. કૃષ્ણકુમારની માતાએ જણાવ્યું હતું કે તેનાં પુત્રએ તેને સમગ્ર ભારતમાં તમામ પવિત્ર સ્થળો બતાવીને તેનું જીવન ધન્ય બનાવી દીધું છે.

કૃષ્ણકુમાર સમાજને આ સંદેશ આપ્યો હતો કે તેઓ વૃદ્ધાવસ્થામાં તેમનાં માતા–પિતાની સારી સંભાળ રાખે. તેઓ તમારાથી અલગ ન થવાં જોઈએ. તેમને તમારી સાથે રાખીને, તેમનાં સ્વાસ્થ્યનું સંપૂર્ણ ધ્યાન રાખવું જોઈએ. માતા–પિતા ભગવાન છે. એટલાં માટે તેમને તમારી સાથે રાખવા જોઈએ. વૃદ્ધાવસ્થામાં તેમનાં મનને તકલીફ ન આપો, તેમને સુખ આપો. તેમને ટેકો આપીને સ્વસ્થ રાખો. જેમ પુત્રો તેમની પત્ની અને બાળકોની સંભાળ રાખે છે તેમ તમારા માતા–પિતાની વૃદ્ધાવસ્થામાં તેમનાં મનને તકલીફ ન આપો, તેમને સુખ આપો. તેમને ટેકો આપીને સ્વસ્થ રાખો. જેમ પુત્રો તેમની પત્ની અને બાળકોની સંભાળ રાખે છે તેમ તમારા માતા–પિતાની વૃદ્ધાવસ્થામાં કાળ જી લો. તેમને તમારાથી અલગ ન રાખો. તેમના મનને ઠેસ પહોંચાડવાથી બાળકોનું ભલું થતું નથી. કૃષ્ણકુમારની માતા તેમનાં પુત્રની આ ફરજથી સંપૂર્ણપણે ખુશ અને ઉત્સાહિત છે. તે ભગવાનનાં દર્શન અને પુત્રનાં સમર્પણથી ધન્યતા અનુભવી રહી છે.

માતા ચુડારત્નમાં હર્ષથી કહે છે કે મારો પુત્ર મને તેના સ્કૂટર પર દેશભરમાં લઈ ગયો છે. મારો પુત્ર આજનો શ્રવણકુમાર છે. ભગવાન દરેકને એવો પુત્ર આપે, જે માતા–પિતાની સેવા કરે. હું આ પ્રવાસથી ખૂબ જ ખુશ છું અને મારી તબિયત પણ એકદમ ઠીક છે.

### સુમિત ફાઉન્ડેશન દ્વારા ઉમદાકાર્ય

## ચલાલા ખાતે યોજાયેલ ૧૦માં રકતદાન કેમ્પમાં ૮૫ બોટલ રકત એકત્ર થયું

### ૧૫ જેટલી મહિલાઓએ પણ કર્યુ રકતદાન



ચલાલા, તા. ૧૪

ચલાલા ખાતે સુમિત ફાઉન્ડેશન દ્વારા પટેલ વાડી મુકામે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં ચલાલા દાન મહારાજની જગ્યાનાં લઘુમહંત પુ. શ્રી મહાવીર બાપુ, ગાયત્રી મંદિર વતી મહેશભાઈ, ધારાસભ્ય જે.વી.ભાઈ કાકડીયા, ચલાલા કેળવણી મંડળનાં પ્રમુખ ઉદયબાપુ ભગત, ચલાલા પોલીસ સ્ટેશનનાં પી.એસ.આઈ. ગોહિલ, સૌરાષ્ટ્ર શરાફી મંડળીનાં પ્રમુખ અનિલભાઈ વેકરીયા, ઓમ શાંતિ ક્રિશ્ના દીદી, અનીતા દીદી, મનુભાઈ ધાધલ, વિશાલભાઈ માલવીયા, પ્રવીણભાઈ માલવીયા, ઘનશ્યામભાઈ કાકડીયા, મહેન્દ્રભાઈ સાદરાણી, મોહનદાદા (સ્વામી) સહિતના આગેવાનો હાજર રહ્યાં હતા. અને તમામ મહેમાનોએ સુમિત ફાઉન્ડેશનને ઉદાર હાથે દાન આપેલ તમનો સુમિત ફાઉન્ડેશન–ચલાલાએ આભાર વ્યકત કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા સુમિત ફાઉન્ડેશનનાં પ્રમુખ સંજયભાઈ વેકરીયા, દેવકુભાઈ વાળા, શાંતીભાઈ નળીયાપરા, ચંદ્રેશભાઈ સંઘરાજકા, પ્રદ્યુમનભાઈ જોશી, ભયલુભાઈ વાળા, શૈલેશભાઈ ઉનાગર, ભગીરથભાઈ ધાધલ, રાજુભાઈ સોંડાગર, હિતેશભાઈ જોટણીયા, અશોકભાઈ ચાવડા, અવિભાઈ માલા, શીવરાજભાઈ સાડસુર, પ્રદિપભાઈ હીરપરા, દેવાંગ જોશી, પ્રશાંત જેઠવા, હરેશભાઈ બુહા, સંજય આમરશેડા, ભુટાભાઈ ચા વાળા, ઉકાભાઈ, પ્રદિપભાઈ ઠાકર, હર્ષદભાઈ સરવૈયા તથા ગાયત્રી મંદિરનાં વિદ્યાર્થીઓ સહિતનાં કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમનું સંચાલન જીતુભાઈ મહેતાએ કર્યું હતું. તેમ પત્રકાર ચિરાગ માલવિયાની યાદીમાં જણાવેલ છે.

## અમરેલી : ૧૦૮ અને ખિલખિલાટનાં કર્મચારીઓનું સન્માન કરાયું



અમરેલી, તા. ૧૬

૭૭માં પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી જાફરાબાદ ખાતે કરવામાં આવેલ હતી. જે અંતર્ગત કલેકટર અજય દહિયા અને જિલ્લા વિકાસ અધિકારી દિનેશ રમેશ ગુરવ તેમજ જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા ૧૦૮ અને ખીલખીલાટનાં કર્મચારીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. જેમાં ૧૦૮નાં ઈ.એમ.ટી. પ્રકાશ ધાંધલા અને ૧૦૮નાં પાયલોટ હિતેશ રાજયગુરુ તેમજ ખીલખીલટ સેવાનાં હોસ્પિટલ કોર્ડીનેટર નરેશ ખેતરીયાને સારી અને ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતા. તેમજ ૧૦૮નાં જિલ્લા અધિકારી અમાનતઅલી નકવી અને યુવરાજસિંહ ઝાલા પણ ઉપસ્થિત રહ્યાં હતા અને પ્રોગ્રામ મેનેજર દિલીપ સોલંકી દ્વારા કર્મચારીઓને ઉત્કૃષ્ટ કામગીરી બદલ બિરદાવવામાં આવ્યાં હતા.

### સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ શિવાગૃપ દ્વારા

## બગસરા ખાતે વીર શહીદોનાં પરિવારજનો અને પૂર્વ સૈનિકોને સન્માનિત કરાયા

### કાર્યક્રમનું સંચાલન નિતેશ ડોડીઆએ કરેલ

બગસરા, તા. ૧૬

બગસરા શિવાગૃપ દ્વારા અહી અરવિંદભાઈ મણિયાર ભવન બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી.ના હોલ ખાતે સ્વતંત્ર દિનની પૂર્વ સંધ્યાએ બગસરાના શહીદ ભાવેશભાઈ રાખસીયા, યુશુફભાઈ સૈયદના પરિવાર અને માજી સૈનિકો જયંતિભાઈ બોરીચા, ઉમેશભાઈ વાળા, મનુભાઈ ગઢવી, વિજયભાઈ કટેસિયાને આન બાન શાનથી સન્માનિત કર્યા હતા અને બગસરાના નગરપાલિકાના પૂર્વ કર્મચારી અને ૧૦૦થી વધારે લાવારિસ મૃતદેહોના અંતિમ સંસ્કાર અગ્નિદાહ આપી શ્રેષ્ઠ સામાજિક કામ કરનાર મનહરભાઈ બારોટની પૌત્રી કુ.ડો. પૂજાબેન આભાણીએ આયુર્વેદિકમાં



પી.એચ.ડી. ની પદવી પ્રાપ્ત કરવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ બગસરા શિવાગૃપના પ્રમુખ નીતેશભાઈ ડોડીઆની આગેવાનીમાં કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

# અમરેલી : યુવા નેતા મનીષ સંઘાણીનાં વરદ્ હસ્તે શહેરનાં વિવિધ વિસ્તારોમાં સ્વાતંત્ર પર્વની ઉજવણી



શ્રી સરદાર પટેલ ગૃપ દ્વારા આયોજીત શ્રી આર્યભટ્ટ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ ખાતે અને લોહપુરુષ સરદાર પાર્ક ખાતે તેમજ શ્રીમતિ એમ.ટી. ગાંધી ખાતે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાનાં ઉપાધ્યક્ષ અને અમરેલી જિલ્લા સહકારી સંઘનાં અધ્યક્ષ મનીષ સંઘાણીનાં વરદ્ હસ્તે ધ્વજ વંદન કરી ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી તેમજ સાથો સાથ રોકડીયા હનુમાનપરા પ્રાથમિક શાળા ખાતે સ્વાતંત્ર પર્વની ઉજવણીનાં કાર્યક્રમમાં અને કેરિયાચાડ ખાતે તાલુકા કક્ષાનાં સ્વાતંત્ર પર્વની ઉજવણીમાં યુવા નેતા મનીષ સંઘાણી ઉપસ્થિત રહ્યાં હતાં.

માં અમૃતમ કાર્ડ તથા આયુષ્યમાન ભારત કાર્ડ વેલ પ્લાસ્ટીક સર્જરી-ઓટોગ્રાફટીંગ તથા છારીના ઓપરેશન તદ્દન મફત માં તેમજ મોતીયાનાં ઓપરેશનો રાહતદરે

આંખ વિભાગ
ડૉ. પૂજા ચોટાઈ
MBBS., M.S. (ઓપ્થેલ)

■ મોતીયાનું ફેકો-લેસરથી ટાંકા વગરનું ઓપરેશન અને ફોલ્ડેબલ નેત્રમણી (આધુનિક પ્રકારનાં) સાથે રાહત દરે ઓપરેશન કરી આપવામાં આવે છે.
■ આંખમાં ઈન્જેક્શન વગર પટ્ટી કે પાટા વગરનું માત્ર ટોપીકલ પદ્ધતિ (લેસર)થી રાહતદરે મોતીયાનું ઓપરેશન.
■ ઝામર, પડદો, કીકી, બાળકોની આંખની તકલીફનું નિદાન અને સારવાર કરવામાં આવે છે

નિદાન ફી માત્ર રૂા. ૫૦/-

■ લેટેસ્ટ ટેકનોલોજીવાળુ ફેકો મશીનથી ઓપરેશન.
■ માં અમૃતમ કાર્ડ તથા આયુષ્યમાન ભારત કાર્ડ મફતમાં ઓપરેશન વેલ પ્લાસ્ટીક સર્જરી- ઓટોગ્રાફટીંગ તથા છારીના ઓપરેશનો તદ્દન મફતમાં.

જોઈએ છે ડ્રાયવર

સમય : સવારે ૯ થી ૧ સાંજે ૫ થી ૮ સુધી

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ સંચાલિત
Radhika Multispeciality Hospital
રાધિકા મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)
ચિતલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬ - ૨૨૮૯૦૪

## જિલ્લા કલેકટર અજય દહિયાનાં અધ્યક્ષ સ્થાને ધ્વજવંદન, સન્માન સમારંભ યોજાયો

# જાફરાબાદ ખાતે જિલ્લા કક્ષાનાં ૭૭માં સ્વાતંત્ર્ય પર્વ દિનની ઉજવણી સંપન્ન

**વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓના માધ્યમથી દેશભકિતની ગાથા રજૂ કરી**

**રાજયમાં શાંતિ, સલામતી અને સર્વસ્પર્શી વિકાસ સાર્થક કરી યુવાનો, મહિલાઓ, ખેડૂતો, ઉદ્યોગો તમામને લક્ષ્યમાં રાખી અનેકવિધ કાર્યક્રમોનો અમલ થયો**

**સરકાર દ્વારા આપવામાં આવેલ રૂા. ૨૫ લાખના અનુદાનનો ચેક કલેકટરનાં હસ્તે અર્પણ**



અમરેલી, તા. ૧૬
આઝાદીના અમૃતકાળ દરમિયાન ૭૭માં સ્વાતંત્ર્ય પર્વ દિનની જિલ્લા કક્ષાની ઉજવણી જાફરાબાદ ખાતે અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને સંપન્ન થઈ

અનુસંધાન પાના ૬ ઉપર


### અમરેલીનાં પોલીસ અધિક્ષકનું પ્રેરણાદાયી કાર્ય

## પરિણીતાને પતિનો માનસિક અને શારીરિક ત્રાસ દૂર કરાવતું બેઈઝડ સપોર્ટ સેન્ટર

**કાઉન્સેલર પારૂલબેન મહિડાએ માથાકૂટ બંધ કરાવી**

અમરેલી, તા. ૧૬
અમરેલીના એસ.પી. હિમકરસિંહના માર્ગદર્શનથી અને પોલીસ સ્ટેશનમ બેઈઝડ સપોર્ટ સેન્ટરના કાઉન્સેલર દ્વારા મહિલાને પોતાના હક્ક અપાવી સફળતાપૂર્વકની કામગીરી કરવામાં આવી હતી.
અમરેલી જિલ્લાના એક ગામની મહિલા એસ.પી.

અનુસંધાન પાના ૬ ઉપર



## લાઠીમાં તીનપત્તીનો જુગાર રમતા ૫ પત્તાપ્રેમી ઝડપાયા

અમરેલી, તા. ૧૬
લાઠી ગામે રહેતા વાઘજીભાઈ મીઠાભાઈ વાવડીયા સહિત ૫ જેટલા પતાપ્રેમીઓ તા. ૧૪નાં રાત્રીનાં સમયે લાઠી ગામે આવેલ વાઘજીભાઈ મીઠાભાઈ વાવડીયાની વાડીએ જાહેરમાં લાઈટ તથા બેટરીનાં અજવાળે તીનપતીનો જુગાર રમતા હોય. આ અંગે લાઠી પોલીસને બાતમી મળતા રોકડા રૂપિયા ૧૬૬૧૦ની મતા સાથે જુગાર રમતા તમામ પાંચેય ઈસમોને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### અનિડા ગામે વ્યવહારિક કામે જતાં

## બગસરાનાં જુના વાઘણીયા ગામે ખેડૂતનાં રહેણાંક મકાનમાં ચોરી

**અન્ય મકાનોનાં પણ તાળા તૂટયાં**

અમરેલી, તા. ૧૬
બગસરા તાલુકાનાં જુના વાઘણીયા ગામે રહેતા અને ખેતી કામ કરતાં ઘનશ્યામભાઈ રાણાભાઈ બાલધા નામના ખેડૂત ગત તા. ૧૩ નાં

અનુસંધાન પાના ૬ ઉપર

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
દુનિયા તમને એ સમય સુધી ક્યારેય હરાવી નથી શકતી, જ્યાં સુધી તમે ખુદ તમારાથી હારી ના જાઓ...
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

દુઃખદ અવસાન/બેસણું



સ્વ.નાગજીભાઈ જે. જોગદીયા
સ્વ.તા. ૧૬-૦૮-૨૦૨૩, બુધવાર. (ઉ.વ.૭૯)
અમારા પિતાશ્રી નાગજીભાઈ જોગદીયા (ઉ.વ.૭૯)નું તા. ૧૬-૦૮-૨૦૨૩, બુધવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના... ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...
સદ્ગતનું બેસણું :
તારીખ : ૧૮-૦૮-૨૦૨૩, શુકવાર.
સમય : સવારે ૯:૦૦ થી સાંજે ૬:૦૦ કલાક સુધી
સ્થળ : અમારા નિવાસ સ્થાને ચકકરગઢ રોડ, બી.કે. ટાંકના ડેલા પાછળ, અમરેલી.
લી.
જીતેન્દ્રભાઈ એન. જોગદીયા - મો. ૯૯૭૮૧ ૧૪૧૭૫
બિમલભાઈ એન. જોગદીયા - મો. ૯૯૭૯૮ ૮૩૬૯૩
ગૌતમભાઈ એન. જોગદીયા
અમરેલી

LG
5 વધારાના ફાયદા સાથે સૌથી સસ્તાની ગેરંટી*




મફત વિમો ૧ વર્ષ માટે On LG Products
CASH BACK UP TO 22.5%
Combo Offers
તાત્કાલીક DELIVERY
REFER OFFER
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી. મો. 99 74 77 23 77
*Conditions apply

૭૭માં સ્વાતંત્ર્ય પર્વની ખુબ ખુબ શુભકામનાઓ
"આઝાદી અમર રહો"
लड़े जंग वीरों की तरह,
जब खून खौल फौलाद हुआ ।
मरते दम तक डटे रहे वो,
तब ही तो देश आजाद हुआ ॥
Happy Independence Day
15th August
: શુભેચ્છક :
યાકુબભાઈ રસભર્યા (વિજપડી)
સીનીયર પત્રકાર - એડવોકેટ - સાવરકુંડલા
પૂર્વ મહામંત્રી - જિલ્લા કોંગ્રેસ સમિતિ - અમરેલી

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)